અલ્લક દલ્લક

(કાવ્યસંગ્રહ)

ચંદ્રકાન્ત રાવ

: પ્રકાશક :

એમ. એમ. સાહિત્ય પ્રકાશન

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ–૩૮૮૦૦૧

Allak Dallak

અલ્લક દલ્લક

Collection of Lyrics and Poems

By **Chandrakant Rao - 2010**

Pub. by M.M. Sahitya Prakashan,
Mahavir Marg, Anand - 388001.

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂ. :

ટાઈપ સેટીંગ Mayur's

સજાવટ ગુર્જરી સાહિત્યાલય, ડાકોર

આવરણ ચરોતર સાહિત્યાલય, નડિયાદ

પ્રકાશક **એમ.એમ.સાહિત્યપ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ આણંદ

મુદ્રક **અર્પણ પ્રિન્ટરી**
રાધાસ્વામી ચેમ્બર્સ, ભાલેજ રોડ, આણંદ.

VISIT…

LANZAROTE Caliente.com



મારાં પુસ્તકોને ઉષ્માભર્યા સહકાર
સાથે પ્રગટ કરનાર
એમ. એમ. સાહિત્ય પ્રકાશન
(આણંદવાળા) શ્રી યાકુબભાઈ...ને


તથા

રન્નાદે પ્રકાશન (અમદાવાદવાળા)
શ્રી નરેશકાકા અને
શ્રી હંમેશભાઈ મોદીને..

સસ્નેહ અર્પણ

- ચંદ્રકાન્ત રાવ

શ્રી ચંદ્રકાન્ત રાવની સાહિત્યિક પ્રવૃત્તિઓ



શાયરશ્રી મનહર મોદી (રન્નાદે પ્રકાશન)નું સાલ ઓઢાડી સન્માન કરતા 'પ્રેમાનંદ સાહિત્ય સભા' (વડોદરા) ના પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત રાવ, બાજુમાં ડૉ. રશીદ મીર (તંત્રીશ્રી, ધબક) અને ડૉ. વિરંચિ ત્રિવેદી.

સાહિત્યકારોના સથવારે
લેખકશ્રી ચંદ્રકાન્ત રાવ



તા. ૧૨-૦૩-૦૫ ના રોજ શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાંને શ્રી ધીરુભાઈ પરીખના અધ્યક્ષપદે પ્રેમાનંદ સુવર્ણ ચંદ્રક એનાયત થયો ત્યારે ડાયસ પર બેઠેલા (ડાબી બાજુથી) શ્રી ચંદ્રકાન્ત રાવ (પ્રમુખ, પ્રેમાનંદ સાહિત્ય સભા), શ્રી ધીરુભાઈ (તંત્રીશ્રી, કુમાર) શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા અને ડૉ. પ્રવીણભાઈ દરજી.

શ્રી ચંદ્રકાન્ત રાવનાં પુસ્તકો

નવલકથા :-

૧. પ્રેમદીવાની (ત્રણ આવૃતિ)
૨. આરાધના (ગ્રન્થસ્થ અને ધારાવાહિક)
૩. જેલમ જંપી ગઈ (બે આવૃત્તિ)
૪. સામે કાંઠે શ્યામ (બે આવૃત્તિ)
૫. રમત રમાડે રામ
૫-એ. સ્નેહવર્ષા ('પ્રેમદીવાની'ની બીજી આવૃત્તિ)
૬. કુમકુમ પગલે

વાર્તાસંગ્રહ :-

૧. સ્નેહદીપ   ૨. ઘરભણી
૩. આંબાની ડાળ   ૪. પીળાં પાંદડાંની લીલાશ

કાવ્યસંગ્રહ :-

૧. ગોરી મારા ગામની   ૨. ઝરમર ઝરમર
૩. અલ્લક દલ્લક   ૪. શ્રધ્ધા
૫. સળગી રહી છે સરહદો

બાળકાવ્ય સંગ્રહ :-

૧. છબછબિયાં   ૨. ચાંદામામા પોળી
૩. મોહન મોરલીવાળો   ૪. છુક છુક ગાડી
૫. હસતો રમતો ગાય કનૈયો
૬. નંદ ઘેર આનંદ ભયો

ચિંતન લેખો :- ૧. વિસામો   ૨. ગોરસ   ૩. દીવાદાંડી
૪. રાખનાં રમકડાં   ૫. આસપાસ

લેખકો ભાવકોના પ્રતિભાવો

અમદાવાદ
૬ - ૯ - ૦૯

પરમ સ્નેહી શ્રી ચંદ્રકાન્તભાઈ,

કુશળ હશો. તમારી 'કુમકુમ પગલે' નવલકથા મળી. આમાં ઈતિહાસ અને કલ્પના દ્વારા કથાની સુંદર ભાત ઉપસાવી છે. એ પ્રસન્ન કરે તેવી છે.

વડોદરામાં તમારી સુંદર સાહિત્યિક પ્રવૃત્તિઓથી પણ વાકેફ રહું છું. અને તેનો આનંદ અનુભવું છું...

સ્નેહાધીન
કુમારપાલનાં સ્મરણ
(પદમશ્રી ડૉ. કુમારપાલ દેસાઈ)
જાણીતા લેખક અને પૂર્વ પ્રમુખ,
ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

શ્રી ચંદ્રકાન્તભાઈની શૈલી રમણલાલ દેસાઈની શૈલી જેવી છે.

પદ્મશ્રી સિતાંશુ મહેતા('કુમકુમ પગલે' ના લોકાર્પણ પ્રસંગે)

તમે વિવિધ સ્વરૂપે વાર્તા તત્ત્વ પ્રગટ કરો છો એ તમારી સર્જક તરીકેની ગતિ સૂચવે છે. સરળ છતાં (હૃદયંગમ) ભાવ નિરૂપણ એ તમારી વિશેષતા છે...તમે શબ્દને તપ રૂપે આરાધ્યો છે.

પદ્મશ્રી પ્રવીણ દરજી ('આંબાની ડાળે' વાંચીને)

શ્રી ચંદ્રકાન્તભાઈ અભિજાત પુરુષ છે. આગળ વધીને કહું તો તેઓ અજાતશત્રુ છે...તેઓ કવિતા, વાર્તા, નવલ તો લખે છે જ, પણ પ્રબોધક સંસ્કારી સાહિત્ય ય લખે છે.

પદ્મશ્રી પ્રવીણ દરજી (લુણાવાડા)
('વિસામો' પુસ્તક અંગે પ્રતિભાવ)

તમારી વાર્તાઓ શ્રેયસાધક છે. શૈલીની સરળતાને સ્પષ્ટતા પણ નોંધપાત્ર છે. અભિનંદન

ડો. જયંત પાઠક
(જાણીતા કવિ, લેખક)
('આંબાની ડાળે'નો પ્રતિભાવ)

સુરત, ૨૨-૪-૦૩

પ્રિય ભાઈ,

'જેલમ જંપી ગઈ' (નવલકથા) સંબંધે વિમોચન વેળા હું થોડુંક બોલ્યો હતો. મને એ નવલકથા ખૂબ ગમી છે. એની ત્રીજી આવૃત્તિ થાય તો નવાઈ નહીં. કોઈ ફિલ્મ કંપનીએ એનું પિક્ચર ઉતારવું જોઈએ. સફળ ચલચિત્રની બધી જ સામગ્રી એમાં ભરપેટે છે. શુભેચ્છાઓ સાથે. –

(ડૉ. રણજીત પટેલ)**'અનામી' ના જયશિવ**

સમાજના વિવિધ વર્ગમાંથી આવેલ આ વાર્તાઓ સમાજની રૂઢિઓ, તેના તાણાવાણા, માનવીની સંવેદનાઓ, સંબંધો અને તેની નાજુકાઈને સ્પર્શી જાય એ રીતે મૂકી છે, તે જ આ સંગ્રહ (પીળાં પાંદડાંની લીલાશ)ની ખૂબી છે. આ સંગ્રહની વાર્તાઓ માનવીના મનના ઊંડાણમાં લઈ જાય છે.

(વડોદરા) **ડો. પ્રદિપ પંડ્યા**
(જાણીતા નવલકથાકાર, વાર્તાકાર)

'પ્રેમાનંદ સાહિત્ય સભા'ના પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત રાવ મોટી ઉંમરે બાલકાવ્ય સર્જન તરફ વળ્યા તે ખૂબીની વાત છે....એમનાં કાવ્યોમાં વૈવિધ્ય, ગેયતા અને કલ્પનાશીલતા છે.

ડો. લવકુમાર દેસાઇ
(નાટ્યકાર, ચિંતક, વિવેચક)

નવલકથાકાર અને વાર્તાકાર શ્રી ચંદ્રકાન્ત રાવ 'છબછબિયાં' દ્વારા બાલકાવ્યો લઈને આવે છે એ ઘણી મોટી વાત છે. એમાં એમના અનુભવનો નિચોડ હોય.

ડો. ચિનુમોદી
(જાણીતા શાયર, વિવેચક, ચિંતક)

બાળ માનસને કેન્દ્રમાં રાખીને, કાવ્યોના વિષય, ભાષા, ભાવ વગેરેનું ચયન અને પ્રયોગ એટલાં સરળ, સહજ અને સ્વાભાવિક છે, કે ક્યાંય દુર્બોધુતાનો અહેસાસ થતો નથી.

ડો. રશીદ મીર
(જાણીતા શાયર, તથા તંત્રી શ્રી : 'ધબક')

હરીન્દ્ર દવે પછી આવી નવલકથા (સામે કાંઠે શ્યામ) વાંચવા મળી...રાધા આજીવન કૃષ્ણથી વિરહિત રહી તેમ તમે પણ 'અલ્પા'ને વિરહીણી મૂકી છે તે વાર્તાકારની સફળતા છે. વચ્ચે વચ્ચે ગીતો પણ રંગ પૂરે છે. નવલિકા લેખક તરીકે તો તમને ઘણા વખતથી ઓળખતો આવ્યો છું. ધન્યાવાદ

(કડી)રામજીભાઇ કડિયા
(જાણીતા લેખક, કડી)

તમારી નવલકથા 'સામે કાંઠે શ્યામ' વાંચી. અલ્પા અને મૌલિકના અમદાવાદની પશ્ચાદ ભૂમિમાં રચાએલ કથા રસપ્રદ છે. મજા આવી.

સ્નેહાધીન
પ્રિયકાન્ત પરીખ
(લોકપ્રિય નવલકથાકાર)
અમદાવાદ

Dear sir,

We have received a work of which you are the author. In order to process it, we need some data...The infornation sent by you will be used to distinguish your name from other persons listed in the catalogs of American Libraries. sincerely yours. (Mrs.) Eunice Stutoman Gupta)

Library of congress, south Asia.

'પ્રેમાનંદ સાહિત્ય સભા' જેવી ગુજરાતની ખ્યાતનામ સાહિત્યિક સંસ્થાના પ્રમુખ તરીકે કાર્યરત એવા શ્રી ચંદ્રકાન્ત રાવની ખૂબ જ લોકભોગ્ય પાંચ નવલકથાઓ ('પ્રેમદીવાની'થી 'સામે કાંઠે શ્યામ') અને 'સ્નેહદીપ' જેવા નવલિકા સંગ્રહો ગુજરાતી સાહિત્યને એમનું ઉત્તમ નજરાણું છે.

યશવંત કડીકર
(જાણીતા વાર્તાકાર, કવિ, ચિંતક, વિવેચક)

આપની કૃતિઓથી હું પ્રભાવિત થયો છું. સારી અને સાચી લાગણી આપણો સમાજ સમજે એ જ અભ્યર્થના...સ્નેહાધીન,
બી.એલ.રાવ (અમેરિકા)

તમે ભલે 'ચન્દ્ર' કહેવાયા પણ કાવ્યમોતી ચરનારાયે છો.

રાધેશ્યામ શર્મા

(તા. ૧૧ - ૧૧ -૦૭)

'ગૌરી મારા ગામની' કાવ્યસંગ્રહનો પ્રતિભાવ

લેખક, જાણીતા વિવેચક, ચિંતક)

શ્રી રાવ નવલકથાકાર અને વાર્તાકાર તરીકે ખ્યાત હોવાથી અને અનેક સામયિકોમાં ઓમની કૃતિઓ પ્રગટ થતી હોવાથી લેખન નિપૂણતા એમની પાસે હોય તે સ્વીકારી શકાય.

રવીન્દ્ર ઠાકોર

('કિતાબઘર', લોકસત્તા જનસત્તા)

સ્નેહી શ્રી ચંદ્રકાન્તભાઈ,

તમે સંસ્કારનગરી વડોદરાની સાહિત્યિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સક્રિયતા દાખવવાની સાથે નવલકથા અને નવલિકા સાહિત્યના સર્જનમાં રસ દાખવ્યો છે એ અભિનંદનીય છે.

પ્રા. પ્રસાદ બ્રહ્મભટ્ટ

(જાણીતા વિવેચક, ચિંતક

અમદાવાદ.)

પ્રિય શ્રી ચંદ્રકાન્તભાઈ

આપની સુંદર નવલિકાઓ વાંચી, માણી...નવલિકામાં ખૂબ જ ટૂંકા વ્યાપમાં ચમત્કૃતિ ઉત્પન્ન કરવી એ અઘરૂ કામ છે. આ કળા આપે સુપેરે સિદ્ધહસ્ત કરી છે. આપ 'પ્રેમાનંદ સાહિત્ય સભા' જેવી માતબર સંસ્થાના પ્રમુખ છો એ ગૌરવની વાત છે.

નટવરલાલ એમ. બ્રહ્મભટ્ટ

B.A, L.L.B, I.R.S. F.I.C.A. (Advocate)

(મુંબઈ ૨૯ - ૭ - ૦૪)

ગામ, તડકો, આકાશ, પરોઢ, પૂર્વની સિંદુરી રંગી સંધ્યાના સિંદુરિયા શ્વાસની અનુભૂતિનું કથન શ્રી ચંદ્રકાન્ત રાવની કવિ ચેતનાની ઉપલબ્ધિ છે...'મેળામાં મ્હાલતી ગોરી મારા ગામની'...ગતિશીલ શબ્દચિત્ર રચતી આ શબ્દાવલિની નિર્વ્યાજ પ્રાસાદિક બાની કેવી તો ભાવસૃષ્ટિ રચે છે. કવિ મસ્તરંગી પ્રકૃતિઓના અસબાબથી સ્વસ્થ દર્શનને નિરૂપે છે. એ કવિ શ્રી ચંદ્રકાન્ત રાવની ચેતનાની ઉપલબ્ધિને પોંકીએ...

('ગોરી મારા ગામની' ના લોકાર્પણ પ્રસંગે)

(જાણીતા વિવેચક) **ડો. સુભાષ દવે**

ટૂંકી વાર્તા, કાવ્યો, ચિંતન લેખ, રેડિયો, નાટક, બાળ સાહિત્ય, અને નવલકથા...આ વૈવિધ્યને અંકે કરી સર્જન કેડીએ ચાલનાર ચંદ્રકાન્ત રાવનાં નિખાલસતા, નમ્રતા અને સાદગી સૌને સ્પર્શી જાય છે.

ત્ર્યંબક જોષી

જાણીતા પત્રકાર – ('દિવ્યભાસ્કર' દૈનિક)

'ગોરી મારા ગામની'કાવ્યસંગ્રહનો ઉજાસભર્યો ઉઘાડ જ સુંદર શબ્દરચનાના આવિષ્કારથી થયો છે. 'તડકો ભરી લો ગજવે મારા ગામનો, કેવું ઉજળું અહીં આકાશ છે.' લાલિત્યસભર લયની શબ્દાળુતા આ કાવ્ય સંગ્રહ (ગોરી મારા ગામની)નો શ્વાસ છે...શ્રી ચંદ્રકાન્તભાઈએ આ કાવ્યસંગ્રહમાં નારીને અનેકરૂપે કાવ્ય સ્વરૂપે સ્મરી છે અને કંડારી છે. કવિશ્રીએ આ સંગ્રહમાં વિષય વૈવિધ્ય સાથે હાઈકુ, મુક્તકો, અછાંદસ કાવ્યો, ગઝલો, ગરબા, ગીતો વગેરે આમે જ કરી એમના વર્ષોના કાવ્યો અને કવિઓ સાથેના સંબંધોનું નવનીત પાથર્યું છે...

શ્રી કીર્તિકાન્ત પુરોહિત

(જાણીતા ગઝલકાર, વાર્તાકાર, ગીતકાર)

યૌવનનું મનોહારી, નિર્મળ, સુભગ, સાત્ત્વિક વર્ણન તથા

ચિત્રાત્મક કાવ્યો વાંચકોના દિલમાં સાધારીકરણનો ભાવ ઉત્પન્ન કરી જાય છે. કવિ અનુભવે છે તેવો જ ભાવ વાંચકો પણ અનુભવે છે.

પ્રો. રમણભાઇ ઠક્કર

'ગીતાપ્રેમી' (ગોરી મારા ગામની'નો પ્રતિભાવ)

Dear sri Rao...Thank you for your Tribute to late u.s.president John F. Kennedy...I have pleasure in forwarding it to Mrs. Kennedy, who I am sure will appreciate it.

Donald To Shea. (Director, united states information service)

શ્રી ચંદ્રકાન્તભાઈ રાવ,...

'સ્નેહદીપ' વાર્તા સંગ્રહમાં સાચે જ સ્ત્રીનાં કલ્યાણકારી અને મંગલમય સ્વરૂપોના પાવક પ્રસંગ છે. તે સર્વ ગમ્યા, માણ્યા અને તે માટે આપના સુકાર્યને બિરદાવવા ' સંસ્કાર પારિતોષિક' એનાયત કરતાં આનંદ અનુભવું છું....હાર્દિક અભિનંદન...

વિઠ્ઠલભાઇ પટેલનાં સ્નેહ સ્મરણ

(નિયામક : 'સંસ્કાર પરિવાર')

હૃદયોદ્‌ગાર

મારી નવલકથાઓ અને વાર્તાસંગ્રહો દ્વારા સાહિત્યજગત સાથેનો મારો નાતો તો વર્ષોથી અતૂટ રહ્યો છે, પણ 'અલ્લક દલ્લક' દ્વારા હું બીજી વાર કાવ્યસંગ્રહ લઈને આવું છું. જો કે પદ્યમાં લખવાનો પ્રારંભ તો મેં ૧૯૪૬ની સાલથી કર્યો હતો, પણ એ તો એકડે એકનું ઘૂંટણ... એ પછી હું સતત ગદ્ય સાથે પદ્ય પણ લખતો જ રહ્યો છું. લખતાં લહિયો થાય.

આ સંગ્રહનાં ઘણાં કાવ્યો 'અખંડ આનંદ', 'જનકલ્યાણ', 'બીજ', 'સંસ્કાર', 'દીપ્તિ', 'વૈભવ', 'લોકલહરી', 'ભટ્ટભાસ્કર', 'બ્રહ્મભટ્ટ યુવક', 'શુભદા', 'સ્ત્રી', 'શ્રી', 'પુસ્તકાલય' જેવાં લબ્ધપ્રતિષ્ઠિત માસિકો, સામયિકો કે 'સંદેશ', 'લોકસત્તા', 'જનસત્તા' જેવાં દૈનિકોમાં પ્રકાશિત થયાં છે, તો 'આકાશવાણી' પરથી 'કાવ્યધારા'માં પણ ઘણાં કાવ્યો સમયાંતરે પ્રસારિત થયાં છે, એટલે એક રીતે તો એ કસોટીએ ચઢેલાં છે. થોડાં નવાં કાવ્યો પણ આમાં છે જ.

પ્રણય, પ્રભુ અને પ્રકૃતિ તો કાવ્યના વિષયો હોય જ, આ સંગ્રહમાં ય એ છે. ઉપરાંત ગઝલ, ગીત, રાસ, ગરબા, અંજલિકાવ્ય, બાલકાવ્ય, ઋતુગીત, મુક્તકો અને હાઈકુ જેવી વિવિધ રચનાઓ પણ આ સંગ્રહમાં છે.

આ કાવ્ય સંગ્રહના પ્રકાશનનું શ્રેય એમ. એમ. સાહિત્ય પ્રકાશન (આણંદ)વાળા શ્રી યાકુબભાઈને જાય છે. એમનો હૃદયપૂર્વક આભાર માનું છું.

રસજ્ઞ ભાવકોને મારો આ પ્રયત્ન સાર્થક લાગશે તો ધન્ય થઈશ. બાકી, કવિ હોવાનો મારો દાવો નથી ને કવિ કહેવડાવવાનો મને જરાય અભરખો નથી. માટે જ એક કાવ્યમાં મેં કહ્યું છે :

અમે તો ભઈલા અલ્લડરામ,
દુનિયાને શું અમથી કામ?
અક્કલ ઓછી, ઔદાર્ય અધિક,
વ્યવહારશૂન્ય હું વિશ્વ–પથિક.

મને તો 'અલ્લક દલ્લક' દ્વારા મારા મનોભાવ સાહિત્ય પ્રેમીઓ સમક્ષ મૂકવાનો જ આનંદ છે. ભાવકોના અભિપ્રાયની પ્રતીક્ષા છે.

(વડોદરા) ચંદ્રકાન્ત રાવ

સી/૧૨, કસ્તુરી નગર,
માંજલપુર નાકા,
લાલબાગ રોડ, વડોદરા – ૩૯૦૦૦૪
ફોન : ૨૬૫૭૩૫૯

અલ્લક દલ્લક

અનુક્રમણિકા



૧. અલ્લક દલ્લક!

ગગન ઘૂમે છે સૂરજ ચાંદો અલ્લક દલ્લક,
લાખ સિતારા ફેરફુંદરડી અલ્લક દલ્લક!

વિરંચિની રચનામાં ના ટેકો ના એખ નઝર પડે,
કોટી જીવો સંગે વસુધા આંટા મારે અલ્લક દલ્લક.


ભવ્ય કૃતિ બ્રહ્માની છે સમજવી ના સહેલી,
કશું ન તૂટે ફૂટે એમાં, ભલે બધુંયે અલ્લક દલ્લક!

કુશળ કારીગર દુનિયાના મહલ બનાવે મોટા,
આર.સી.સી.ના પીલર ખોડે, રહે કશુંના અલ્લક દલ્લક!

અટપટી દુનિયામાં કિંતુ એક નવતર ભાળ્યું,
પનિહારીના માથે બેડું જલ ભરેલું અલ્લક દલ્લક!

હું તમે કે તો તેઓ, કહો શા હિસાબમાં?
લાખો ગ્રહો બ્રહ્માંડમાં, ઘૂમે છે જ્યાં અલ્લક દલ્લક!

❁ ❁ ❁






૨. અક્ષરનો અમલ કર્યો છે



તમારી મહેફિલમાં આવતાં પહેલાં
અમે અક્ષરનો અમલ કર્યો છે,
બે શેરમાં તમને સમાવી મેં
રૂપનો સાગર ભર્યો છે!
પથ્થરને ય ગીત ગવાડતી
કલમ અમારી કમ તો નથી,
નયન-બાણે તોય તમારાં
પંડિત પણ પાગલ ઠર્યો છે!
શબ્દોના શણગાર સજાવીને
પ્રાણ પૂર્યા છે પ્રેમના,
અમર કરી અક્ષરમાં તમને
વિયોગનો મેં ભય હર્યો છે!
મહા સમંદર પાર કરે છે
જહાજે ચઢી લોક જગના,
કાગળની નાની નાવથી કિંતુ
આ પંગુ સાગર તર્યો છે!



(૫-૨-૯૯)



૩. વસંત જાગી

વૃક્ષે વૃક્ષે નવપલ્લવ છે,
શોભા ન્યારી વનઉપવનની,
મોર સુગંધે આંબા ડાળે
મદ મસ્તીથી કોયલ ગાતી!
વસંત જાગી નવજીવનની,
ખરી ગયાં નિરાશા-પુષ્પ,
રૂપ રંગે સુવાસિત ફૂલડે,
મેઘધનુષી પતંગિયાં-પર્ણ.
કેસૂડાનાં કામણ ન્યારાં,
'કૂઉ'ના કલશોર મધુરા,
આંગણ આવી ઋતુરાજ સવારી,
નવોઢા સરખી શોભે ધરણી!





૪. અવાજ આવે ક્યાંથી?

(ગઝલ)


આગળ પાછળ કોઈ નથી ને અવાજ આવે ક્યાંથી?
ઉપર નીચે ખાલી સઘળું ને જવાબ આવે ક્યાંથી?

કોણ સવારે સૂરજ રુપે અવનિને અજવાળે?
ચાંદો ગુમ થઈ જઈને પરત આવે ક્યાંથી?

અગણિત દીવડા અંધારી રાતે પ્રગટતા આકાશે,
કોણ કરે એ રમ્ય રોશની, અણસાર આવે ક્યાંથી?

છોડ ઉપર પુષ્પ ખીલીને સુગંધ બધે પ્રસરાવે,
અગમ અગોચર એ માયાનો ખ્યાલ આવે ક્યાંથી?

મીઠે ટહૂકે વસંતો કોયલ વન ઉપવન ટહુકાવે,
શબરી સરખા સમર્પણ વિના સમજણ આવે ક્યાંથી?



('પ્રખર' જાન્યુઆરી-૦૪)



૫. પગલાંની લિપિ

(ગઝલ)


પગલાંની લિપિ વાંચી શકાય તો સારું,
સમયના અક્ષર ઉકેલી શકાય તો સારું.

શતરંજ રોજ નવી ગોઠવો છો તમે,
મહોરાની ચાલ સમજી શકાય તો સારું.

મંદિર મસ્જિદે આવાસ ઈશનો હોય છે,
નિરાકારની ઝાંખી કરી શકાય તો સારું.

સંસાર તો રણ સહરાનું છે પથિક,
આંધી જીવનની આંટી શકાય તો સારું.


બદનામ થઈને કમાયા કરોડો અહીં,
પશ્ચાતાપથી પાપ ધોઈ શકાય તો સારું.




(પુસ્તકાલય)



૬. કૂ..ઉ કૂ..ઉ કલશોર કરે!




રુમઝુમ કરતી નાર નવેલી
મહારાણી સમ આવી રે,
સુગંધ છોળો આગળ પાછળ
ચોપાસ દીધી છલકાવી રે...
વસંત આવી રાજ આંગણ આજે!



સત્કાર એનો કરવા આંબો,
'કૂ...ઉ' સ્વરે રહ્યો કૂંજી રે,
સોડમ્ માદક મોરની પ્રસરી
નવપલ્લવની પૂંજી રે...
આંગણ મારે હો વસંત આવી છે!

રંગબેરંગી ફૂલડે ફોર્યાં છે
વેરાન હતાં જે વાડી વગડા,
ભ્રમર ગૂંજે, કોયલ ટહુકે,
વિરહી જન હેરાન છે સઘળા,
હૈયે મારે હો વસંત મહેકી છે!



કોયલ રાણી ગેલમાં ગાતી
'કૂ...ઉ કૂ...ઉ' કલશોર કરે,
કેસૂડો તો કામણગારો
વરરાજા સમ તોર કરે,
ઋતુની રાણી હો પ્રેમે પ્રગટી છે!



૭. આપણું તો ભઈ એવું

આપણું તો ભઈ એવું,
જે કરે તે કરવા દેવું,
સાક્ષી-ભાવ મનથી રાખી
થાય તે થવા જ દેવું,
આપણું તો ભઈ એવું.

રોક્યાં કોઈ રોકાય ના,
વાળ્યાં વળે ના જરી,
તો પડતી મેલી લપછપ,
નામ પરભુનું લેવું,
આપણું તો ભઈ એવું.



આભને ક્યાં ટેકો છે?
તો ય અદ્ધર લટકે એ,
ભગવાન જ આધાર સૌનો,
વિશ્વાસે એવા રહેવું,
આપણું તો ભઈ એવું.

(પુસ્તકાલય)




૮. અતિથિ જેવી વર્ષા આવી

ઝરમર ઝરમર સંગીત વર્ષાનું
હૈયે સ્પંદન જગવે મીઠાં,
દૂર વસ્યાં તે સ્વજન સાંભરે,
અંતર ઉભરે ભાવ અનુઠા.

કદીક રવ એ ઘેરો બનતો,
ચમકે કદી ગગન વિશાળાં,
મોર ટહૂકે ટેહૂંક ટેહૂંક,
દાદુર ડ્રાઉં ડ્રાઉં ગાતાં.

અતિથિ જેવી વર્ષા આવી
તરસ છિપવવા પ્યાસાં દિલની,
સૂકાં નદી સરવર છલકાવી,
ભરી ખજાનો રિદ્ધિ લાવી!







૯. સહિયર મોરી રે

(ગરબો)

કન્યાકુંવારી આજ ગરબો કોરાવતી,
આશિષો માતા સૌભાગ્યની આપતી.
લટકે પિયુને એ તો લુભાવતી,
રંગોળી પુરીને ચોકને શોભાવતી.
સહીયર મોરી રે .... દે તાલી.
એક દીવડો ટોડલે ને એક માના ગોખમાં.
એક દીવો પ્રગટ્યો છે હૈયાના ચોકમાં,
પંખીનું ગીત તો સમાય એની પાંખમાં.
પીયુ મરકતો રે મરમ ભર્યું હોઠમાં
સહીયર મોરી રે .... દે તાલી.
ગરબે રમવા અહીં અંબે મા આવતાં,
દસવીસ સાહેલી સાથે એ લાવતાં.
ગરબાની રમઝટ રાતભર મચાવતાં,
આનંદ ઉમંગે હૈયાં નચાવતાં.
સહીયર મોરી રે .... દે તાલી.
ગરબાના તાલ તાલે બહુચરમા આવતાં,
કુકકુટ સવાર થઈ આંગણ દીપાવતાં,
ભક્તોના ચિત્તને શાતા પમાડતાં.
રમીને રાતભર ભક્તો રીઝવતાં,



સહીયર મોરી રે .... દે તાલી.
શરદ પૂનમની રંગ ભરી રાતડી,
વાલમની સંગ કરી મીઠી બે વાતડી.
માંડશે ગોરાંદે હૈયાની હાટડી,
નંદજીના લાલને રાધા મનાવતી.
સહીયર મોરી રે .... દે તાલી.

(ભટ્ટભાસ્કર)





૧૦. હેલી જાણી હેમની!

બેન સ્મરતી ભાઈને
આજે રક્ષાબંધન છે,
ભવોભવના હેતનાં
આ તો હૃદય-સ્પંદન છે!
સ્નેહનો સાગર સમાયો
કાચા સુતર તાંતણે,
આનંદનાં અમૃત રેલાયાં
બેનનાં આશિષ વાંચને.
ધૂળ ભરેલાં બચપનની
યાદો સોનેરી બેનની,
આશિષ બની વરસી રહી
હેલી જાણે હેમની!






૧૧. વૈષ્ણવજન બન

ગરીબ ઝૂંપડે દીપક એક પ્રગટે,
ભૂખ્યાંજનોને સૂકી રોટી જો દે,
વસ્ત્રહીન થથરતા કૃશ કો દેહને
જૂની પુરાણી કંથા એક ઢાંકે,
તો ઓ ઉત્સવ ઘેલા ભક્તરાજ,
તારી રોશની સાર્થક થશે.
તો તારા ગરબે હું અંબા જાતે ઘૂમીશ,
તારી રંગોળી ઈન્દ્રધનુ શી સજાવીશ,
ફટાકડાનાં ફૂલોથી વધાવીશ તાને.
નરસિંહ-કથ્યો વૈષ્ણવજન બન તું,
શુભાશિષ મારાં દીપોત્સવીનાં.







૧૨. હીરો બની જાય છે!

(ગઝલ)

નિર્દોષ જનો જગતમાં દોષી બની જાય છે,
અજગરના ભરડામાં મૂષક બલિ બની જાય છે!

મૂઠીના ચોર દુનિયામાં સળિયા પાછળ જીવતા,
કાળાં કર્મો કુબેરનાં ધોળાં બની જાય છે!

રક્તરંજિત હાથ ધનિકના મહેંદી થઈને મહેકશે,
ગરીબના નાના ગુન્હા ફાંસી દોરી જાય છે!

સત્તા ખાતર સ્વાર્થાંધો, વિશ્વયુદ્ધ પણ છેડશે,
સંગ્રામે સહસ્ર હણનારાં હીરો બની જાય છે!

(શુભદા)

મુક્તક

પરાયા સુખે દુઃખી, તે હતભાગી,
પરાયા દુઃખે સુખી, તે દુર્ભાગી.



૧૩. દરિયો ભરેલું વ્હાલ!

રક્ષા સૂતરનો તાંતણો, તો ય શક્તિનો ભંડાર,
રક્ષા આશિષ લાવે રે!
દેશ વિદેશે ભલે બેનડી, એનું દરિયો ભરેલું વ્હાલ
લઈને રક્ષા આવે રે!
"સુખી હજો ભાઈ તું, કુંજર ડોલે તારે દ્વાર,"
બેની આશિષ આલે રે!
"અમૃત વરસો તુજ આંગણે વીરા, બાગે કોયલ ટહુકાર
સદા વસંત સુવાસે રે!"

મુક્તક



દિવો દિલમાં કરીએ
અંધારું જાશે,
પૂર્વગ્રહો છોડી દઈએ
મન હળવું થાશે.







૧૪. વિવિધરૂપે પ્રગટો છો રામ



ઓલા વાદળમાં સંતાયા શ્યામ,
મેઘરૂપે ધરણી આવો ને,
મારા મનડાના મોંઘા મહેમાન,
આવી અંતરમાં સમાઓ ને,
ચાંદા સૂરજના તેજે મુકામ,
અજવાળો અવનિ તમે બધી,
સાત સાગરના મોજે વિશ્રામ,
ભરતી ને ઓટમાં તમારી ગતિ!
કોયલ કલાપી કંઠે છે વાણ,
સંગીત ગાય છે વહેતી સરિતા,
પવન કરે તમ આવ્યાની જાણ,
ફૂલડે વસંતના મહેંકે કવિતા!
વિવિધરૂપે પ્રગટો છો રામ,
જગત ઢૂંઢે તો યે પ્રભુને,
મળે પણ ક્યાંથી તમારું ધામ?
મૂર્તિમાં શોધે એ તો વિભુને!



(શુભદા)



૧૫. મેઘાડંબર છાયો

(ગઝલ)

મેઘાડંબર છાયો, ઘનઘોર ઘટા છે;
કદી તાપ કે છાંયો, જીવનની એ છટા છે!


ઘન ગરજશે, વીજ ચમકશે નક્કી જાણો,
ઉકળાટ પછી વરસાદ, સાચી એજ મઝા છે.

શુષ્ક હતું સઘળું, વેરાન ભૂમિ ભાસતી,
વરસ્યાં ત્યાં મેહામૃત, પાસા પડ્યા છતા છે.

દુઃખ પછી જ સુખ ભલું, તાપ પૂઠે વરસાદ;
સૃષ્ટિનો છે ક્રમ એવો, હર્ષ પછી વ્યથા છે!

મુક્તક

આ ઘટનાક્રમ સમજાતો નથી,
વરસાદ પછીનો તાપ સહેવાતો નથી!





૧૬. સંસાર છે!

ઘંટી તેના જ ગીત ગાવ, સંસાર છે,
જેની ગરજ તેના થાવ, સંસાર છે!

ગરજે ગધેડાને બાપ ગણવો, વાંધો નહિ,
રોગ મટેથી વૈદ પણ વેરી, સંસાર છે!

મતદારોને મા-બાપ ગણો, ચૂંટણી ટાણે,
પછી પાંચ વર્ષે વાત, સંસાર છે!

સિદ્ધાંતો પાળે વેદિયા જે હોય,
આપણે તો સત્તાના દાસ, સંસાર છે!

૧૬-A અમને ચૂંટીને

(મુક્તક)
અમોને ચૂંટીને તમે ધન્ય થાશો,
કરવી છે સેવા તક એક આપો;
ગરીબી તમારી અમોને કઠે છે,
દઈ વોટ દોસ્તો અમીરાત સ્થાપો!

(લોકસત્તા - ૧૫-૧૨-૦૩)



૧૭. દીપ જલાવી રોશની કરીશું

દીપ જલાવી રોશની કરીશું,
આંગણ સજશું રંગોળી,
આનંદ ઉલ્લાસે હૈયાં ભરશું,
આવો સૌ સંગાથ મળી.
હળીમળીને ભેગાં રહીશું,
સ્નેહ વહેંચશું ગલી ગલી,
વેરઝેર દફનાવી દઈશું,
સંપે જીવશું હળી મળી.
દીપ-સંદેશને મનમાં ધરશું,
અજવાળે અંધાર હરી,
જાત જલાવી પ્રકાશ દઈશું,
અમર બનશું સ્વયમ્ મરી.
દીપ જલાવી રોશની કરશું,
આનંદ ઉલ્લાસે હૈયાં ભરી.





૧૮. આજ છે ને કાલ નથી

જિંદગીનો શું ભરોસો?
આજ છે ને કાલ નથી,
સાગર તરતું કાગળ-નાવ,
ક્યારે ડૂબે ભાળ નથી!
પદ, ગાદી કે બંગલા ગાડી
કમાયા નસીબ કે મહેનત થકી,
ક્ષણભંગુર આ સુખ સઘળાં,
કશું પણ ચિર કાલ નથી!
દેશ વિદેશ ભટકી ભર્યા
બેંક તિજોરી દોલત વડે,
વાપરનારા કિંતુ એના
કોણ હશે કંઈ જાણ નથી!
પત્ની પુત્રો મિત્ર સંગે
મોજ મનાવી મનભરી,
સ્વપ્ન સરીખું સુખ એ જાણો,
આંખ મીંચાતાં વાર નથી!
નામ શાશ્વત એક રામનું
પરમ શાંતિ દેનાર છે,
સગાં વ્હાલાં સ્નેહી એવાં:
વૃક્ષને જાણે ડાળ નથી!







૧૯. નર્મદ થયું સઘળું

ગગન ઘેરાયાં વાદળ, વાવંટોળ સપાટો,
તરુવર ડોલે ઝૂમે ઝીલતાં પવન થપાટો;


ડમરી ઊડે ઘૂમરી ખાતી ધૂળ ચઢી આકાશે,
ઝાંખો સૂરજ ધોળે દા'ડે સાગર શાંતિ ત્યાગે!

ઝબક ઝબકે વીજળી ચમકે ગગન ઘટાળું ગાજે,
ટેહુક ટેહુક ટહુકે મયૂરો ઢેલડી સંગે નાચે,

આકાશ ત્યાં તો નીચે આવ્યું વરસાદ રૂપે આખું,
સ્થળ સ્થળ પર જલ ઉભરાયું, ઠંડો વાયો વાયુ;

રસહીન હતું એ સરસ સુંદર નર્મદ થયું સઘળું,
સાગરનું જળ વાદળ થઈને ધરા ઉપર વરસ્યું!

(ભવોદધિ)





૨૦. ઋતુરાજ સવારી


વૃક્ષે વૃક્ષે નવપલ્લવ છે,
શોભા ન્યારી વનઉપવનની,



આંબા ડાળે મોર સુગંધે
મદ મસ્તીથી કોયલ ગાતી!

વસંત જાગી જાણે જીવનની
ખરી ગયાં નિરાશા-પર્ણ,

રૂપ રંગ સુવાસિત ફૂલડે
પતંગ ઊડતા મેઘધનુષી!



અદ્‌ભૂત કામણ કેસૂડાનાં,
'ફૂઉ'ના કલશોર મધુરા,

આંગણ આવી ઋતુરાજ સવારી,
વિશ્વવિધાતાની બલિહારી!




૨૧. પ્રેમ ગોઠડીએ જાગે જીવન

સરતા પાણી સરખું જીવન,
સતત વહેતું નિર્મલ જીવન,
આડસ અગણિત મારગ આવે,
ખડક વીંધીને ધપતું જીવન.



કાંઠે વૃક્ષો પંખી કલરવ,
ગીત ધબકતું ગૂંજતું જીવન,
ઝરણું નાનું સરિતા સ્વરૂપે
વિકસે, વૃદ્ધિ પામે જીવન.
પશુ પંખીની પ્યાસ છિપાવી,
પરોપકારે પોકાતું જીવન,
પનિહારી નિત પાણી આવે,
પ્રેમગોઠડીએ જાગે જીવન!



ખેતર ખેડુ મોલ સુકાતા,
મેઘ વરસતાં લીલું જીવન,
ઉબડખાબડ મારગ કાપી
અંતે સાગર ભળતું જીવન!

(પુસ્તકાલય)



૨૨. વૃક્ષદેવતા

(પર્યાવરણીય અછાંદસ)

ખરે બપોરે, ભર ઉનાળે જરા
વૃક્ષના વનમાં જઈ બેસજો તો ખરા,
વૃક્ષનો મહિમા ત્યારે આપોઆપ
સમજાશે, અનુભવાશે ને ગવાશે.
એમ થાય તો -
તમે એક વૃક્ષ જરૂર વાવજો,
વા કોઈ વૃક્ષને પાણી પાજો.
પેલા કામણગારા કેસૂડાનાં
શોભાં, શાન ને શૌકત
વૃક્ષદેવની જ દેણ છે.
ઢગલાબંધ ફળફૂલ દેતાં તરુવર
સ્વચ્છ તાજી હવા આપી
તમારાં ફેફસાંને સ્વસ્થ રાખશે,
એથી તમે દીર્ઘાયુ બનશો.
વૃક્ષની શાખા કો અંધની
લાકડી બની એને સહાય કરશે;
મૃતકોના અગ્નિ સંસ્કાર કરી
સ્વયમ્ બળી, ભસ્મ થઈ
એ પરોપકારી વૃક્ષ ધરતીમાં ભળશે.
તો હવે તો તમે વૃક્ષ વાવશો જ;
કારણ કે તમે માણસ છો.



(શુભદા)



૨૩. હૈયે હેત હેમનું

ભાઈ આવ્યો યાદ,
હૈયું ભરાયું બેનનું,
ઝરમર વરસી આંખ,
હૈયે હેત હેમનું!
લીધો સુતર તાંતણો,
સ્નેહ સરિતે ઝબોળ્યો,
'દીર્ઘ સુખી હો સંસાર'
શુભાશિષથી એ મઢ્યો!
પહોંચ્યો ભાઈને દ્વાર,
સ્મરણ જાગ્યાં બચપનનાં,
હેતે બાંધ્યો હાથ,
'અખંડ સૌભાગ્ય બેનનાં'



(શુભદા)

મુક્તક

ખીલતી કળીને સુગંધે ભરી,
કમાલ કેવી પ્રભુ તે કરી!



૨૪. દીપ પ્રગટે દીપોત્સવનીના

ભૂખ્યાને બે રોટી દઈએ,
પ્યાસાને પાઈએ ઠંડું જો જલ,
દુઃખીયાને આશ્વાસન આપી,
પાસે બેસાડીએ બે પાંચ પલ,
તો પ્રત્યક્ષ થાય પ્રભુ સ્વયમ્ ।।
આનંદ ઉત્સવ હૈયે પરમ
વ્યાપે, ગીતા ગુંજે પ્રેમનાં,
માનવતાનાં તોજ રેલાય ત્યાં
દીપ પ્રગટે દીપોત્સવના.

(ભાગવતામૃતમ્)





૨૫. વરસાદે કોરાં અમે તો...

વરસાદે કોરાં અમે તો ઝાકળમાં ભીંજાયા રી,
બાહ્યાડંબર છોડી સઘળા, લોક હૈયે સમાયાં જી.

છોડ વાવી જતન કીધાં, ઉદ્યાન અમે સજાવ્યો રી,
સુંદર ફૂલે સુગંધિત રૂડો સંસાર-બાગ બનાવ્યો જી.

ભ્રમર પતંગા આવી ચૂમતા પુષ્પે પુષ્પે ફરતા રી,
'લેવું ન કો'નું, સૌને દેવું' ગીત એવાં ગણગણતા જી!

સંસાર-બાગમાં શોભિત ફૂલડાંએ દેશ-વિદેશ રિઝાવ્યા રી,
વરસાદે કોરાં અમે તો ઝાકળમાં ભીંજાયા જી!

('દિવ્યભાસ્કર' દૈનિક)



મુક્તક

પ્રેમઘેલાંની ન્યારી વાતો
સંસારી શું જાણે?
ગરમ તેલમાં તવા તો સુઘન્વા
ઠંડક એની તો માણે!



૨૬. ના નામ કોઈ ઠામ છે

(ગઝલ)

વિશ્વના ઉદ્યાનમાં બે ઘડીનો જ મુકામ છે,
પારકા પ્રાસાદની મારે ગરજ શું કામ છે?

શ્રદ્ધા વિના ધર્મના ખોટા બધા વિખવાદ છે,
મંદિરમાં રહીમ મારા ને મસ્જિદમાં રામ છે!

ઉપર નીચે આજુબાજુ નજર પડે ત્યાં કોઈક છે,
વ્યવહાર ચલાવે વિશ્વનો છતાં એ બેનામ છે!

જન્મથી મૃત્યુ સુધીની સફર ના લાંબી ટૂંકી,
ખેલ પતાવી પોતાનો નટ જાય બીજે ગામ છે.

ખુરશી પર બેઠેલા બધા સેવા સ્વપ્નેય કરતા નથી,
સ્વીસ બેંકમાં સત્તાંધોના અઢળક બેનામી દામ છે!

પીધા વિના ય નશો તમને શીદ ચઢયો છે આટલો?
ભડકે બળે જઠરાગ્નિ ભૂખ્યાંના ને ઢળતા તમારા જામ છે!

યાદ રહે જાલીમો અંજામ બુરો આવશે,
ગરીબોની 'હાય' ઉપર ના નામ કોઈ ઠામ છે!



૨૭. ઊગે છે તે આથમે

(ગઝલ)

ડૂબતો ભાળી ભાનુને પંખી નીડ તરફ ફર્યાં,
લાલઘૂમ સૂરજનો ડોળો જોઈ બાગે ફૂલ ખર્યાં!

પંક્તિ બનાવી પાંચની કે...ક, કે...ક કરતાં ઊડે,
સાથી પંખીડાં બીજાં ઘણાં માળે હશે ટોળે વળ્યાં!

ડૂબશે સૂરજ પશ્ચિમે થોડી જ ક્ષણોમાં હવે,
અંધારાની આણ માની લોક ઘર ભણી વળ્યાં.

ઊગે છે તો આથમે, એ સત્ય સૂરજ સૂચવે,
પુનઃ પ્રભાતે ઉગવાના વાયદા એણે કર્યા.

ચંદ્ર હવે ઉગતો હશે પૂરવમાં એ શી ખબર?
આકાશમાં તો ચાંદ સૂરજના કદી ભેગા મળ્યા!

આથમવું ને ઊગવં ઘટનાક્રમ એ નિત્યનો,
ઉદય અને અસ્ત વેળા સમાન રંગ સૂરજે ધર્યા.

(શુભદા)



૨૮. ચાલશે

(ગઝલ)


એક જૂઠો વાયદો કરો, ચાલશે,
લાભ વગરનો લોભ કરો, ચાલશે.

સૂર્ય તો નિત ઊગે એના સ્થાન પર,
તમે મન ફાવે ત્યારે ઊગો, ચાલશે.

કટી પતંગ જેમ ઊડો ના આકાશમાં,
ધરતી જોડે સંબંધ જોડો, ચાલશે.

રાત આખી ઈંતજાર ને સવારે નિઃસાસા,
તમે કદી રાહુ તો જુઓ, ચાલશે.


('લોકસત્તા' દૈનિક)





૨૯. પ્રશ્નો

પ્રશ્નો પ્રશ્નો અઢળક પ્રશ્નો,
આગળ પ્રશ્નો પાછળ પ્રશ્નો,
ઉપર પ્રશ્નો, નીચે પ્રશ્નો,
આજુ બાજુ મારી પ્રશ્નો!
એક ઉકેલું દસ પ્રગટે છે,
મુંઝવી નાખે મનને પ્રશ્નો;
પતિ પૂછે પત્નીને પ્રશ્નો,
સતીને પણ સ્વામીના પ્રશ્નો,
મજૂરને માલિકના પ્રશ્નો,
પ્રધાન-પ્રજાના આપસ પ્રશ્નો,
નિર્ધનને રોટીના પ્રશ્નો,
ધનિકને સરકારી પ્રશ્નો,
'અધિક કમાયા લાવ્યા ક્યાંથી',
ઈનકમ ટેક્ષના અઢળક પ્રશ્નો,
ભૂખ્યાને ભોજનનાં ફાંફા,
ધરાયાને પચવાના પ્રશ્નો.
'દવા કયા દાકતરની કરવી?'
માંદાને મન આવા પ્રશ્નો.
તંત્રીને પ્રશ્નો, મંત્રીને પ્રશ્નો,
પ્રમુખને સભ્યોના પ્રશ્નો.



પાછળ)



પ્રશ્નો વચ્ચે જીવતો માણસ,
બી.પી. વધે તો વધતા પ્રશ્નો,
સુલઝવા મથતો પાણીનાં પ્રશ્નો
પ્રશ્ન બનીને ફરતા માણસના
મરતાં પણ ના મરતા પ્રશ્નો!
ઉત્તર શોધે તો વધતા પ્રશ્નો,
આગ સમો છે જલતો માણસ!
ઉત્તર માટે સદા ભટકતો
પ્રશ્ન બનીને મરતો માણસ!

ચૂંટણી પછી

જીતેલા જલસા કરે,
હારેલા લડી મરે!



30. મેઘરાજા આવોને

ઘનઘોર ઘટા ગગન છાઈ પણ બુંદ ના વરસે,
પી... પી... પુકારે ચાતક પંખી વ્યાકુળ થઈને તરસે,
ક્રૂર થયા શીદ આટલા આજે, દયા જીવ પર લાવોને,
પ્યાસી ધરતી કહે પોકારી, મેઘરાજા આવોને.

વરસો ત્યારે વરસો છો એવા રેલમછેલ ચોપાસ કરો,
નદી સરવરની મર્યાદા તોડી જાનમાલ ખુવાર કરો,
રંક રાય સૌ વ્યાકુળ આજે ખેડૂને ના સતાવોને,
પ્યાસી ધરતી કહે પોકારી મેઘરાજા આવોને.

પાણીભર્યાં શ્યામલ હે વાદળ ધરતીની પ્યાસ છિપાવો,
દૂરથી દર્શન દો છો શીદને જરા નજદીક તો આવો,
થોડા દિવસ કૃપા કરી પછી જ્યાં ચાહો ત્યાં જાઓને,
પ્યાસી ધરતી કહે પોકારી મેઘરાજા આવોને.





૩૧. પેટ્યા દિલડાના દીપ

ગગનને ચોક રાસ રમ્યાં વાદળ ને વીજ,


ઝબકારે વીજળીના ચમક્યા આકાશીદીપ,
અંધારી રાતલડીનાં અજવાળાં અગમ શાં,
કદી બિહામણાં તો કદી સોહામણાં!
પૂરણ એ રાસ ભયો આસો અજવાળીયો,
ગગનનો દીવડો મારા ચોકમાં ઉતારીયો.
રાધાનાં રુસણાં ને કાનાની વાંસળી,

ગરબે રમવાને આજ ગોરાંદે નીસરી,
સોળે શણગારથી અંગને દીપાવતી,
નયનના નાચથી દિલડાં લુભાવતી,
ઠમક ઠમક ઠમ લચકતી ચાલતી,
મરમે બોલ બોલી મલકતી એ મ્હાલતી.
નગરનાં નર નાર વિના કોઈ રોકટોક,

વૃધ્ધો યુવાન બાલ, બાકી ન કોઈ લોક,
ઘેલી સૌ ગોરી જાણે રુમઝુમતી રાધા,
રમણ ચડી આજ હૈયે મદમાતા.
પેટચા દિલડાના દીપ ગરબાની સંગસંગ,
રઢિયાળી રાતના રસભીના રંગઢંગ!

(‘શ્રી’ ગુજરાત સમાચારનું પાક્ષિક)



૩૨. ચાંદ પણ શરમાઈ ગયો!

(ગઝલ)

રૂપ તમારું જોઈ રસીલું ચાંદ પણ શરમાઈ ગયો,
ઈન્સાનની શું વાત, સ્વયં ભગવાન પણ ભરમાઈ ગયો!

કામણગારી કાયા તમારી જાણે રૂપનો દરિયો,
પ્રેમઘેલો ભ્રમર ભોળો કમળમાં કરમાઈ ગયો!

સ્મિત ઝબકતા તારા સરખું, તો યે ઘાયલ કરતું,
ગુસ્સો તમારો વીજ ઝબકારો, તેજે હું અંજાઈ ગયો!

કોયલ જેવો કંઠ મધુરો વસંત ખીલવે વગડે,
અટપટી અવર વાણીમાં શિકારી સલવાઈ ગયો!

મજબૂત મનનો મર્દ માનવ હું, ડરું ન તોપ-તલવારે,
નયન-બાણે તો ય તમારાં, ગંભીરપણે ઘવાઈ ગયો!

ચંચળ પગલે ચાલો ત્યારે, ધરતી મહેંકી ઊઠે,
તમને ભાળી સૂરજ ક્ષણભર, ક્ષિતિજે સહમાઈ ગયો!

(શુભદા)



૩૩. અંગે અંગે જુદી કહાની

રાતી રાતી આંખો તારી,
રાતા રાતા બે ગાલ,
શ્યામ સેંથે રાતું સિંદુર,
શરમીલી ધીમી ચાલ.
આંખે ભર્યો ઉજાગરો
ને ગાલે લાલ નિશાન,
વિખરાયેલી લટ પર લટકે
ગુલાબ ફિક્કુ લાલ!
અંગ અંગ જુદી કહાની,
રંગ ભલે એક લાલ,
રૂપ રંગ આવાં તો તારાં
હતાં નહિ ગઈ કાલ!
અંગડાઈ લેતાં તુજ અંગોમાં
સૂતી જાગી જવાની,
મીરાં જન્મી તારામાં 'અલ્પા'
થઈને પ્રેમદીવાની!!





૩૪. વાણી

કાળી તોયે પ્રિય બની ગઈ
કોયલ કંઠની મીઠાશથી,
કંટક છતાં પ્રભુને કંઠે
ગુલાબ શોભે સુવાસથી.
મધુરવાણીએ સુગંધ પ્રસારે
માન પ્રેમ એ પામશે,
કટુ વચનથી અપ્રિય થનારા
કંટક મારગ વાવશે.

('સાગર'-માર્ચ-૯૫)





૩૫. પીધાં ઝેર તો યે ઉગારો!

(પ્રાર્થના)



અહો માત અંબે સ્તુતિ હું કરું છું,
નમાવી શિર તુજ પાયે પડું છું,
દયાળુ જનની દુઃખથી ઉગારો,
તમે એક માતા આધાર મારો!



મદમાં અમે અંધકારે ડૂબેલાં,
અજ્ઞાનતાને અંકે સૂતેલાં,
કૃપા કરી ઘેનમાંથી જગાડો,
તમે મા દુર્ગા આધાર મારો!



ભક્તિ ન જાણું, ઉપાસના હું,
પુજા પઠન ક્યાં કરી શકું છું?
માથે ભમું લઈ દુઃખનો હું ભારો,
તું છે માત લક્ષ્મી આધાર મારો!



કુટુંબ કબીલે દિન રાત માયા,
સુખ પામવા મેં ઘસી નિજ કાયા,
સંસાર તો યે રહ્યો સાવ ખારો,
તું છે માત કાલી આધાર મારો!



કલ્યાણ ચાહું સ્વજન સ્નેહીઓનું,
વેરી ન માનું કદી કોઈને હું,
અસત્ય ડૂબવી સતને જ તારો,
ગાયત્રી મા એક આધાર મારો!



પવિત્ર નિર્મલ જીવન ના છે,
નથી ભૂલ કીધી એવું ય ક્યાં છે?
પૂનિત પગલે તો યે પધારો,
મા પાર્વતી એક આધા મારો!

સેવા મહીં સ્વાર્થ મારો સદાયે,
નિષ્કામ ભાવે ક્યાં કામ ના મેં,
પીધા ઝેર જાણી, તો યે ઉગારો,
સંતોષી માતા આધાર મારો!

પ્રાર્થી તને બાલ આશિષ યાચે,
સમૃધ્ધિ શાંત સૌ કાજ માગે,
જગત જનોના દુઃખ સૌ નિવારો,
અહો વિશ્વદેવા આધાર મારો!

('ભટ્ટભાસ્કર' સપ્ટે-ઓક્ટો, ૯૮)



૩૯. વીરા તારે આંગણે

રક્ષા જાજે ભાઈ તણા તું દેશ જો,
 સંદેશો મુજ કહેજે ભાઈને,
દૂર વસી તમ બેની સ્મરે આજ જો,
 હૈયે સાગર ભરતી ભાવની.
મુજ હાલરડે ઉંઘતો વ્હાલા વીર તું,
 ખેલ કૂદમાં મારે સંગ હો,
કદી હઠીલો થઈને રોતો ભાઈ તું,
 આંસું તારાં લૂંછતી બેનડી.
ચુંબન કરતી ગાલે તારા પ્રેમથી,
 કુસુમ સમું ખીલતું ત્યારે મુખડું!
ભલે વસી છે બેન હવે વિદેશ જો,
 તો ય ઘડી ના ભૂલતી ભાઈને!
સ્નેહ, શાંતિ-વર્ષા વીરા ઘેર જો,
 દીર્ઘ જીવન કીર્તિમાન હો.
સુખના સૂરજ વીરા તારે આંગણે,
 ઊગે દુઃખના ના કદી દિન જો.
રિધ્ધિ સિધ્ધિ ભાઈ સદા તું પામજે,
 રક્ષા છે મમ દિલનો દોર રે!



('ભટ્ટભાસ્કર' ઓગષ્ટ-સપ્ટે.-૯૫)



૩૭. પ્રીતમજી પ્યારા

(ગીત)

તમે કરો જો મેઘનો ટંકાર વાલમજી મારા,
હું રે પડઘી રહું ઢેલને ટહુકાર પ્રીતમજી પ્યારા!

તમે ચમકો જો વીજને ઝબકાર વાલમજી મારા,
હું ચળકી રહું વાદળની ધાર પ્રીતમજી પ્યારા!

તમે પધારો વર્ષા સ્વરૂપ વાલમજી મારા,
હું રે ધરું ત્યાં ચાતકનું રૂપ પ્રીતમજી પ્યારા!

તમે ટમકો જો તારાને તેજ વાલમજી મારા,
હું તો બિછાવું હૈયાની સેજ પ્રીતમજી પ્યારા!

તમે શોભો થૈ ગગનનો ચાંદ વાલમજી મારા,
હું રે પ્રગટ થાઉં પોયણાને પાંદ પ્રીતમજી પ્યારા!

તમે રેલો જો બંસીને સૂર વાલમજી મારા,
ઘેલી ગોપી થઈ નાચું ચકચૂર પ્રીતમજી પ્યારા!

('અખંડ આનંદ'- જૂન-૧૯૭૯)



૩૮. અચરજ

એક સાથે રહેતાં બે ઢોર પણ લડતાં નથી,
પરિચિતોને તો પોળનાં કૂતરાં પણ ભસતાં નથી,
ચાંદ પર પહોંચનારા માનવીનું અચરજ જુઓ,
ધર્મને નામે પડોશીને રહેસતાં ય ડરતા નથી!

દશાફેર

પૂછી જુઓ ઈતિહાસને
ભૂતકાળની વાતો જરા,
રાજાધિરાજો આ વિશ્વના
શું હતા, શું થઈ ગયા!

પુરસ્કાર!

ખૂબ લડ્યા અંગ્રેજો સામે,
ઘણી વેઠી છે જેલો,
પુરસ્કારે તોના આજે
અમે પામ્યા છે મ્હેલો!



૩૯. ઉનાળો

જલતો ઉનાળો બળતો ઉનાળો,
સાધુ સમો છે તપતો ઉનાળો!

રાગી મટીને સંસાર ત્યાગી
વેરાન વગડે શ્વસતો ઉનાળો!

સ્થિતપ્રજ્ઞ જ્ઞાની સમો શાંત યોગી,
દુઃખો સહીને હસતો ઉનાળો!

સાથી સ્વજન સૌ છોડી ગયાં તો
કેસૂડિયો રંગ સજતો ઉનાળો!

સોડમ પ્રસારી સૂતો આમ્રકૂંજે,
કોયલ કંઠે ટહુકતો ઉનાળો!

જિસમ જલે પણ ફરિયાદ ના કંઈ,
મૃગજળે લસલસતો ઉનાળો!

વર્ષાના ચાહક જાણે નહિ કે -
વાદળને દે છે જલ તો ઉનાળો!


('સમી સાંજના ટહુકા')
('બુધ કવિ સભા'ના કાવ્યસંગ્રહમાં પ્રગટ-૧૯૯૭)



૪૦. જરા હળવે હળવે

તમે ચલો તો ધરણી દુઃખાય,
જરા હળવે હળવે.
તમે હાલો તો પવન મુંઝાય,
જરા હળવે હળવે.
તમે બોલો તો કોયલ ભરમાય,
જરા હળવે હળવે.
ઘૂંઘટ ખોલો તો ચાંદો શરમાય,
જરા હળવે હળવે.
તમે હસો તો ઝરણું શોષાય,
જરા હળવે હળવે.
હૈયે વસો તો ધડકન રોકાય,
જરા હળવે હળવે.
તમે સૂવો તો સૂનું જગ થાય,
જરા હળવે હળવે.
આંખ ખોલો તો અવનિ મલકાય,
જરા હળવે હળવે.
તમ ખીજો તો સૂરજ ઝંખવાય,
જરા હળવે હળવે.
ઘડી રીઝો તો ત્રિલોક હરખાય,
જરા હળવે હળવે.







થાવ પરાયાં તો હૈયું હિજરાય,
જરા હળવે હળવે.
બનો મારાં પુલકિત ઉર થાય
જરા હળવે હળવે.

('કાવ્યધારા'માં આકાશવાણી
વડોદરા-અમદાવાદ પરથી પ્રસારિત)





૪૧. તમે આવ્યાં તો...

(ગઝલ)

તમે આવ્યાં તો રણમાં ય વરસાદ થયો,
શેરી સાવ સૂની હતી, તો ય એક સાદ થયો!

દુઃખ અમને કોઠે પડચું, નવાઈ એની ના જરા,
તમને જોઈને કિંતુ, દૂર બધો અવસાદ થયો!

વ્યવહારડાહ્યા લોક જગના સદા એમ પૂછ્યા કરેઃ
'લયલા પાછળ પાગલ બની મજનુંશીદ બરબાદ થયો?'

વિરહ સહવો સ્વજનનો, સ્વાભાવિક ના કોઈને,
ભર રણમાં પાર્થને જુઓ શો વિષાદ થયો!

સૂની ગલી વૃંદાવનની સજીવન સહસા થૈ ગઈ,
રાધાને પ્રિય વાંસલડીનો જ્યારે મધુરો નાદ થયો!

દિલ મારું કારણ વિના ગ્લાનિભર્યું રહેતું હતું,
આટલો હસતો તો હું, તમારા આવ્યા બાદ થયો!

('ધબક')



૪૨. મારી વસંતે ચૂપ થશે કોયલડી રે!

મારી વસંતે ચૂપ થશે કોયલડી રે!
હવે જવાની વાર, ના રહી છે લગાર,
બંધ થશે ઘડીમાં આ આંખલડી રે!
મારી વસંતે ચૂપ થશે કોયલડી રે!
આજે શ્વાસ બન્યા છે ઉચ્છ્વાસ,
મારી આશ નાખે છે નિઃશ્વાસ,
હવે કહેવી શું હૈયાની વાતલડી રે!
મારી વસંતે ચૂપ થશે કોયલડી રે!
આજ આંખો બની છે અંગાર,
રહ્યાં તેજ ના એમાં તો લગાર,
હવે દિન ડૂબે થશે રાતલડી રે!
મારી વસંતે ચૂપ થશે કોયલડી રે!



મિત્રો સ્વજન પ્રિય મુજ દારા,
સૌને જુહાર ઝાઝા છે મારા,
રડી ના કરશો આંખ તમે રાતલડી રે-
મારી વસંતે ચૂપ થશે કોયલડી રે!
આજ છેક છેલ્લી એક વાર
સખી સજી લે સોળ રે શણગાર,
અંગે ઓઢી લે મંગલ ઘાટલડી રે,
મારી વસંતે ચૂપ થશે કોયલડી રે!



૪૩. પુનશ્ચ હરિ ૐ

નૂતન વર્ષે સુખ શાંતિ હરિ ૐ
ભૂતકાળ ભૂલીને પુનશ્ચ હરિ ૐ.

વિષને વિદારી અમૃત વરસાવો,
વીત્યું તો વિસારી પુનશ્ચ હરિ ૐ.

ગ્રીષ્મ ગુજરી, હો શરદ સોહામણી,
મધુરે મન હો પુનશ્ચ હરિ ૐ.

વર્ષા વારિએ મીટાવી મલિનતા,
વિશુધ્ધ વાટે પુનશ્ચ હરિ ૐ.

પંકે પ્રગટયાં પાવન પંકજ,
પવિત્ર પગલે પુનશ્ચ હરિ ૐ.

ભર્યે સરોવર હંસ વિહરતાં,
હળવે હૈયે હો પુનશ્ચ હરિ ૐ.

અમાસ આથમી, ઉદિતા નવ ભાણ,
ઉષાનો ઉજાસો પુનશ્ચ હરિ ૐ.

('અખંડ આનંદ' નવેમ્બર-૮૦)




૪૪. પ્રૌઢા પટરાણી સન્મુખ સદેહ

(વર્ષાકાવ્ય)



યૌવના મટી અધેડ ભઈ,
વર્ષા હવે તો ડાહી થઈ.
ઘૂ ઘૂ કરતી ભાગમ ભાગ,
હવે ચાલે મયૂરી ચાલ!
ગગન ગજવતી કાળું તન,
ગૌરી હવે દીપે ગગન.
આંખ આંજતી વીજ સ્વયમ્,
હવે ઠારતી નેહ-નયન.
કદી વરસતી સાંબેલા ધાર,
હવે વરસે ઝરમર પ્યાર!
સૂકી ભૂખી ધરા રીઝી,
છલકાવ્યા છે જલના નિધિ,
છાઈ હરિયાલી વસુધા દેહ,
પ્રૌઢા પટરાણી સન્મુખ સદેહ.
ધાનના ઢગલે ધરા ભરાઈ,
જય હો દેવી વર્ષા માઈ!





૪૫. લાગે છે!

(ગઝલ)

એમના આવ્યાનો અહીં, અણસાર લાગે છે,
ભર્યો ભર્યો તેથી જ તો, સંસાર લાગે છે!

હવાએ આવી કાનમાં, છૂપી રીતે પૂછયું મનેઃ
'હૃદયના દ્વાર પર તારા, કોનો સંચાર લાગે છે?'

વિયોગમાં વર્ષો વીત્યાં, પણ વાત વિસારે ના પડી,
સહરામાં આજ તેથી, મેઘ મૂશળધાર લાગે છે!

રાત દિવસ ખ્વાબ જેનાં, સ્વપ્નમાં જોયાં હતાં,
અવનિ પર ઓચિંતો તેનો, થયો અવતાર લાગે છે!


કરવતો બદલી રાતભર, યાદમાં જેની સદા,
આવી સૂતો છે સોડમાં, મને એ યાર લાગે છે!

ચાંદ જાણે ઈદનો, સ્વયં ધરા પર ઉતાર્યો,
'મુબારક હો, મુબારક હો, બધે શો પ્યાર લાગે છે!'




૪૬. ધરો સુદર્શન કૃષ્ણ કનૈયા

આધિ વ્યાધિ ઉપાધિથી
સંસાર પીડાતો કાનજી પ્યારા,
અનાચાર આદર્શ છે સૌનો
સત બચાવો, મોહન વ્હાલા!
રાયફલ બોંબ ધડાકા વચ્ચે
ધડકતા હૈયે જીવે જનતા,
ગીતા-દીધા વચ્ચનબધ્ધ છો,
જન્મ હવે તો લો નંદ દુલારા!
રક્ષો સાધ, ભક્ષો દુર્જન
અવતાર લઈ બંસી બજૈયા,
પાપાચાર ભરી પૃથ્વી છે,
ધરો સુદર્શન કૃષ્ણ કનૈયા.





૪૭. તું!



તું સરિતા
કે જીવતી કવિતા?
ફૂલ કો વનનું
યા અંગ મુજ તનનું?
ક્રોધભરી કલાકૃતિ,
મૂર્તિ માર્દવ મઢી વા?
રીસની રાણી
કે પ્રેમની પટરાણી?
વજ્ર ઈન્દ્રનું
યા દેવી દયાતણી?
સ્વર્ગની અપ્સરા
આવી વસુંધરા,
પૃથ્વી મહીંથી
વા પ્રગટી શું સીતા?
રસભર્યું તું પદ્ય
યા કાવ્ય ભૂલવતું ગદ્ય?
ટોચ હિમાલયની
કે ખીણ મલયની?
ગુરુ કે શિષ્યા મારી,
સહચરી વા જીવનની?



સમજ્યું ના તું શું,
જાણે તું બધું!
પળે પળે નવીનતા
ધારે તું સદા?
તુજ વાત અરે ન્યારી
અનહદ ગતિ તારી!
સમજ્યું હું જે
તો એટલું જ કે -
તું જે હો તો
પણ ના ઘડી પહેલાંની!

('દીપ્તિ' જુલાઈ,૧૯૬૦)

મુક્તક

આભ છેટું અવનિથી તો યે
પરસ્પરને ચાહે,
કેવાં ભેટે એકબીજાને
ધરતીને સીમાડે!



૪૮. ઘેલું ગોકુળિયું

(ગીત)

બંસી બજાવી આજ થાક્યો કનૈયો,
રાધા ન આવી તોય દોડી જી રે,
પછાડી વાંસળી ને તોડી રવૈયો,
નંદલાલ ગયો મુખ મોડી જી રે!
વ્યાકુળ થયાં સૌ પશુ ને પંખીડાં,
ગોવાળિયા છે ઘેલા જી રે,
ગોપીઓની આંખ વહે ઉનાં આંસુડાં,
વસંતે પાનખર વેળા જી રે!
વ્યથિત વૃંદાવન, ગોકુળિયું ગમગીન,
ગાયે તૃણ જલ ત્યાગ્યાં જી રે,
થયાં છે હાલ શા, જાણે જલ વિણ મીન,
રાધિકા આજ ક્યાં ભાગ્યાં જી રે!
ત્યાં તો પકડી કાન પોતાના કાનનો,
રાધા ગોકુલમાં આવ્યાં જી રે,
ભૂખ્યે ભાળ્યો થાળ જાણે મિષ્ટાન્નનો,
ગોપીને ગોપ ધાયાં જી રે!
‘અચરજ શું આવડું? ગોરી સમજાય ના,
કોણ ખીજ્યું, કેમ રીઝ્યું જી રે?’



પૂછંતાં લોકનો આનંદ ઉર માય ના,
વદી રાધા મંદ મીઠું જી રેઃ
‘રીઝેલો રોજ તો જોયો નંદલાલને,
ખીજેલો આજ હતો જોવો જી રે,
છણકે એ રીસના ભર્યું શું વ્હાલ કે,
પામી એ સ્વર્ગ લાભ ખોવો જી રે!’
રાધાની વાત વસી સૌનાં મંદિર-મન,
કાનાને જોઈ સૌ રાચ્યાં જી રે,
ઘેલું ગોકુળિયું, ખીલ્યું વૃંદાવન,
થૈ થૈ રાસ સો નાચ્યાં જી રે!



મુક્તક

અમે સરિતાનાં જલ
ખળખળ વહીએ,
‘વહેંચીને મોટાં થાવ’
એમ સૌને કહીએ.



૪૯. રામ-શ્યામ

રક્ષા અમારી કરો તમે રામ,
લીલા તમારી ના સમજાયે શ્યામ.

તાડકાનો વધ તમે કીધો રે રામ,
નાથીને નાગ કર્યો સીધો હો શ્યામ.

તોડી ધનુષ થયા સીતાના રામ,
વાંસળીએ ઘેલી કીધી રાધાને શ્યામ!



વનની વિકટ વાટ સ્વીકારી રામ,
ગાયો વૃંદાવન ચરાવી છે શ્યામ.

કેવટની સેવા છે સ્વીકારી રામ,
સુદામાની દીનતા ટાળી હો શ્યામ.

સુવર્ણ મૃગથી લોભાયા રે રામ,
પારધીના તીરે વીંધાયા હો શ્યામ!

ખાધાં રે બોર જુઠાં શબરીનાં રામ
ભાજી વિદુરની ભાવી છે શ્યામ.

શલ્યાની અહલ્યા બનાવી રે રામ,
દ્રૌપદીની લાજ તમે બચાવી હો શ્યામ.



પથ્થર તાર્યા 'રામ' નામે રે રામ,
આંગળિયે ગિરિ ધર્યો તમે હો શ્યામ!

વેરી રાવણને ઉધ્ધાર્યો રે રામ,
ભગત નરસિંહને તાર્યો હો શ્યામ!



જગત રચી આ રાચો છો રામ,
કર્મનાં ફળ સૌને આપો છો શ્યામ.

સેવા અમારી સ્વીકારો શ્રીરામ,
દર્શન અમોને દોને ઘનશ્યામ.


મુક્તક

નસીબને દોષ શાને દો
આ તો કર્મનો સરવાળો,
વાવ્યા જેણે કોદરા
તે ઘઉં ક્યાંથી લણવાનો?



૫૦. ઘટનાચક્ર

આજ જન્મોત્સવ, નિશ્ચિત મરણમ્,
અવસાન તથાપિ પુનરપિ જન્મમ્.
જાણ વિરહ-દુઃખ મિલન નિશાની,
પવિત્ર પ્રયાગે સરિતા સંગમ.
પશ્ચિમ ડૂબતો સૂરજ સાવે :
'કાલે પૂર્વે ઉષા ઉદયમ્.'
પર્વત શિખરે ઉગમે ઝરણું,
સાગર ભળવું એ જ ભવિષ્યમ્!
આનંદ શોકે, સુખે દુઃખ છૂપ્યાં,
ઉદય અસ્તાનું ઘટનાચક્રમ્!
સુખ દુઃખે મન સમતા ધરવી,
નિશાન્તો ઉગતો દિન અવશ્યમ્!



(૧૦-૭-૮૧)

૫૦-A હાઈકુ

(૧)
વંટોળ સ્પર્શે
રજ ચઢી આકાશ,
હસે વસુધા!

(૨)
ક્રિકેટ દડો,
આથડે આઘો પાછો,
વિશ્વે માનવ!



૫૧. જલતી અગન ઝાળ છે!

(ગઝલ)

સંબંધોના તાણા વાણા તો જાળ છે,
સૌને પોત પોતાની જ સંભાળ છે!

કોણ કોની ચિંતા કરે સંસારમાં?
લાગણીની વાતો બધી, જાણો ભ્રમજાળ છે!

પુષ્પની સુગંધથી ભરમાયેલા હે ભ્રમર,
ખબર નથી તને ભલા, એ જ તારો કાળ છે!

પુત્રી સિધાવે સાસરે ત્યાગીને માતા પિતા,
સાગર સમાતી સરિતની, ક્યાં કશી ભાળ છે?

મોટાઈમાં રાચનારા વામણાને શી ખબરઃ
પર્વતની ઊંચાઈ જે, એ જ એનો ઢાળ છે!

ઉજળું સઘળું દૂધ કે પીળું ના સોનું બધું.
ગાતા સાગરને હૈયે, જલતી અગન ઝાળ છે!

('ભટ્ટભાસ્કર' સપ્ટે.-ઓક્ટો-૯૬)



પર. દરિયાલાલ

પર્વત જેવાં ઊંચાં મોજાં
વાહ રે વાહ દરિયાલાલ,
આકાશે અડવાનાં ગજાં
ધન્ય રે કેસરિયાલાલ!
ગગન ચાંદો જોઈ ઊછળો,
વાહ રે વાહ દરિયાલાલ,
વડવાનલની આગે પ્રજળો,
ધન્ય રે કેસરિયાલાલ!
ગંદાં મેલાં જલ સમાવો,
વાહ રે વાહ દરિયાલાલ,
ભૂપતિના ગર્વ ગળાવો,
ધન્ય રે કેસરિયાલાલ!
કોટી મોતી કૂખે પાકે,
વાહ રે વાહ દરિયાલાલ,
મરજીવા મેળવતાં થાકે,
ધન્ય રે કેસરિયાલાલ!
લાખ જલચર પેટે પોષો
વાહ રે વાહ દરિયાલાલ,
શરણે આવ્યાં સૌ સંતોષો,
ધન્ય રે કેસરિયાલાલ!



આગ અહર્નિશ અંતર જલતી
વાહ રે વાહ દરિયાલાલ,
તોયે ગીતડાં ગાતા મલકી,
ધન્ય રે કેસરિયાલાલ!

('ગુજરાત' 'સાપ્તાહિક' નવે.૦૩)



ધીરો પડ

ભાઈ જરા ધીરો પડ,
કોઈનું કહ્યું કાને ધર,
સંસાર છે કાંટાની વાડ,
ધીરેથી સંભાળી ચાલ.





૫૩. ભક્ત નહિ કાચો

જૂઠો પાંચકો મંદિર નાખી
દસકો લીધો પાછો,
વળતાં જૂની ચંપલ બદલી,
ભક્ત નહિ હું કાચો!
'પાય લાગું' કહીને મેં તો
બ્રાહ્મણ રસ્તે રીઝવ્યા,
ગાંડા ગગીમા સામા મળ્યાં તો
પાણી છાંટી ખીજવ્યાં!





૫૪. વસંત વગડે...

વસંત વગડે ખીલી શી રૂડી છે,
ઝૂમે તરુ નવ અવતાર પામી,
જીર્ણ શીર્ણ સૌ ખરી ગયું ને
નવ પર્ણ વચ્ચે પ્રગટયાં છે પુષ્પો.

પ્રસરી મહક શી મીઠી સુગંધની,
આમ્ર ઝૂંડે લપાતી છૂપાતી
કોયલ ટહૂકે 'કૂઉ' ગાન મીઠું,
જાગી ગઈ સીમ સૂની બપોરે!

નવોઢા સ્વરુપા વસુધા નિહાળી
વારી ગયા દેવ સૌન્દર્ય-લુબ્ધા,
ફૂલોની સેજે સૂતા દેવ સુખે
દિવ્ય સુગંધિત ચહુ દીશ થૈ ગઈ!

('ભટ્ટભાસ્કર' એપ્રિલ-૯૭)





૫૫. માનવી

(ગઝલ)

ખીજાય રીઝાય શરમાય છે માનવી,
અકારણ ક્યારેક કરમાય છે માનવી!

સંબંધોના આટાપાટા નિત દોરાયા કરે,
ચોકઠામાં ચોપાસથી જકડાય છે માનવી!

જાળાં સંજોગનાં ગૂંથાય એવાં તો ગજબ,
અજાણે તેમાં અધિક ગુંચવાય છે માનવી!

સાકાર કરવા સપનાંને ઝઝૂમે જીવનભર,
અરમાનના અંગારમાં શેકાય છે માનવી!

સગાં સ્વજન સ્નેહી વળી મિત્રો સાથી કેટલાં,
ભીડ વચ્ચે તોય અટૂલો અટવાય છે માનવી!

હિમ સમો શીતલ કદી જ્વાલમુખી શો ગરમ,
પુષ્પમાંથી પથ્થર વડે ઘડાય છે માનવી!

વિચિત્રતાની ભરમાર જેવું પ્રાણી એ લાગે છતાં,
કિરતારનું શ્રેષ્ઠ ઊર્મિ ગીત છે માનવી!

('લોકસત્તા' જન્મદિન વિશેષાંક-૨૨-૧૨-૯૮)




૫૬. વર્ષા

(ગઝલ)



કિસાનને છે વ્હાલી વર્ષા,
જગત-તાતની માતા વર્ષા,
ગ્રિષ્મ તાપે તપ્ત જીવને
પ્રેમે દેતી શાતા વર્ષા.
ધરતી બોયું બી ઝટ ફણગે,
સ્પર્શ કરે જ્યાં પ્રેમે વર્ષા,
વેરાન રુખી ધરતી સજવે
હરિયાલી સાડીથી વર્ષા.
સૂકાં સરવર નદી છલકાવે
વરસી મુશળની ધારે વર્ષા,
મેઘ-ગર્જના ગગન પડઘાવે,
આકાશ વીજ ચમકાવે વર્ષા.
મોર નાચે, ટહૂકે ટેહૂક,
અશ્રુ પાતી ઢેલને વર્ષા,
ગર્ભ ધરતી મયૂરી પ્યારી,
વંશ કલાપી ચલવે વર્ષા.



વાદળ-છાયું ગગન ગંભીરું,
વસુધા ધરાવે ધાને વર્ષા.
શરદ પૂનમની રાતે શોભે
કરી ચાંદનો ચાંલ્લો વર્ષા!



૫૭. મન મારું ઘેલું!

(ગીત)





તમે એક વાર આવ્યાં
કરોડ ચિત્ત ભાવ્યાં,
કે આયખું રેલું રેલું!
અમે એક વાર જોયાં,
યુગો યુગ મોહ્યાં,
કે મન મારું ઘેલું ઘેલું!
તમે એક વાર હસ્યાં,
દિલ એવાં વસ્યાં,
કે આયખું રેલું રેલું!
તમે એક વાર બોલ્યાં,
લાખ દિલ ડોલ્યાં,
કે મન મારું ઘેલું ઘેલું!
તમે એક વાર મળ્યાં,
હૃદય એવાં ભાળ્યાં,
કે આયખું રેલું રેલું!
તમે એક રાત રહ્યાં,
મેં જીવનભર ચહ્યાં,
કે મન મારું ઘેલું ઘેલું!

('સ્ત્રી' સંદેશ સાપ્તાહિક)




૫૮. ચાર હાઈકુ

(૧)
મેઘ ગરજ્યો,
જરીયે ના વરસ્યો,
વાણી નેતાની!

(૨)
મકાન મોટું
સગવડ સભર
પણ ભાડાનું!

(૩)
જુઓ જંગલીઃ
સુધરેલાંએ માર્યા
કીંગ કેનેડી!

(૪)
શસ્ત્રો લો કોઈ,
શાંતિ માટે દઈએ,
લખો જરૂરી.



('ભદ્રભાસ્કર' ફેબ્રુઆરી-૧૯૭૧)



૫૯. વસંત બનીને આવ્યાં

(ગીત)

વસંત બનીને આવ્યાં સખી રી,
રંગ સુગંધનો સાગર જી,
પ્રેમ-દીવાની તમે રાધિકા
હું તો નટવર નાગરજી!
ખીલ્યાં પલ્લવ પુષ્પ સખી રી,
સૂતું જાગ્યું જોબન જી,
મંદ મંદ પવનને વીંઝણે
હેલે ચઢતું યૌવન જી!
ભ્રમર અગણિત આવ્યા સખી રી,
ઘૂમે થઈ એ ઘેલા જી,
ફૂલ ફૂલને ચૂમતા પ્રેમે,
અમર બની એ વેળા જી!
ઉત્સવરૂપે આવ્યાં સખી રી,
આનંદ રસની હેલી જી,
મંગલ થઈ મનડામાં છાયાં
પ્રેમની રેલમછેલી જી!
કિંતુ અચાનક તમે સખી રી
રૂઠી ગયાં મુખ મોડી જી,





વાંક વસ્યો શો મનમાં મારો?
મને ગયાં શીદ છોડી જી?
વસંત ત્યારે વિલાઈ સખી રી,
પાનખર સહસા બેઠી જી;
ભ્રમર સઘળા ભાગ્યા પળમાં
વદતા 'નેતિ નેતિ' જી!
કુસુમ રૂપે ખીલ્યાં સખી રી,
કંટક ચૂંભવી ચાલ્યાં જી;
ફોરમ થઈ ફોર્યાં મનડામાં
દિલને દુભવી હાલ્યાં જી!
ઉજ્જડ જીવન-બાગ સખી રી,
વેરાન બની મન-ધરતી જી,
રાઝ કર્યું તમ હૈયે ગોપિત
સમજ કશી ના પડતી જી!
જે હશે તે જીરવીશ સખી રી,
કદી ન તમને ભૂલીશ જી,
શ્વાસે શ્વાસે સ્મરણ તમારે
જીવનભર હું ઝૂમીશ જી!



('આકાશવાણી' પરથી પ્રસારિત)



૭૦. રંગની હેલી હો!

(ગીત)

હોલી આઈ હો, ઘેરૈયા ઘૂમતા,
કેડે ઘૂઘરા રે રૂમઝૂમ ઝૂમતા.

પિચકારી કરમાં હો, રંગના ફુવારા,
ધૂળની ડમરીએ આનંદ-ધારા.

જોબન જાગ્યું હો ધાક તીન ધા ધા,
નાચે યૌવન રી થા થા રે થૈયા!

વ્રજના ચોકે સાદે હો રે ગોપિકાઃ
'માખણ-ચોટ્ટા હો ક્યાં તું કનૈયા?'

રૂઠી રાધાને કરતો મનામણાં,
રંગે ભીંજવી રે વ્હાલે ચુનરીયાં.

ધાઈ ગોપી સૌ, રાધા ને કાન જ્યાં,
રંગની હેલી હો ગોકુળિયા ગામમાં!



૭૧. ઉતારે ભવ પાર

કામ ક્રોધ મહા રોગ છે,
લોભ મોહ રિપુ જાણ,
ભાગવત અમૃત રોગ હણે,
પથદર્શક એ માન.
રામકથા ભવતારીણી,
દૂર કરે ચિત્ત-ભાર
શુધ્ધ કરે મન આપણું.
ઉતારે ભવ પાર!

(ભાગવતામૃતમ્)





૭૨. વક્રોક્તિ

કેવા દંભી છે સત્યના આ ઉપાસકો!
સુકરાત, ઈશુ ને ગાંધીના સત્યને
ઝેર ફાંસી ને ગોળી દીધાં ગામ વચ્ચે
તો ય જાહેરમાં લખે છે હજી :
'સત્યમેવ જયતે!'

('અછાંદસ'- નવેમ્બર-૧૯૯૩)

ચાર હાઈકુ

છે પાનખર
પ્રિય, સંદેશ લાવે
વસંતનો એ!

દોડે ગગને
વાદળ જલભર્યાં,
ધરતી પ્યાસી!

ભૂતને સ્મરી
જીવતું વર્તમાન,
ભાવિ વિમાસે...!

જલ જે ગર્જે
સાગરે, સ્થિતપ્રજ્ઞ
કેવું ગાગરે!



૭૩. પ્રતીક્ષા

જતી વેળા
તેં આવવાનો કોલ દીધો છે.
તો હું તારી રાહ જોઈશ 'અલ્પા',
'ક્યાં સુધી? ક્યાં સુધી રાહ જોઈશ એમ?'
અરે, ત્યાં સુધી જોઈશ રાહ,
જ્યાં સુધી -
સૂર્ય પોતાના પ્રકાશથી ચંદ્રને અજવાળતો રહેશે,
ચંદ્ર શિતળ ચાંદનીથી ધરતીને સહલાવતો રહેશે,
સાગર ઘેરા નાદે ઈશ્વરને આરાધતો રહેશે,
હિમાલય 'શિવોડહં' મંત્ર પડઘાવતો રહેશે,
સરિતા નિર્મલ જલથી ધરતીને નવરાવતી રહેશે,
હૈયાના હેતથી માતા બાળકને ધવરાવતી રહેશે,
પવન પ્રિયતમાને શોધતો ઘેલો બની ઘૂમતો રહેશે,
ઉપવનનાં ફૂલડાંને ભ્રમર સ્નેહે ચૂમતો રહેસે-
ત્યાં સુધી, ત્યાં સુધી હું તારી રાહ જોઈશ 'અલ્પા'!
આવીશ ને તું?
તારે આવવું જ પડશે 'અલ્પા'!





૭૪. વિવિધ રૂપે વિલસે વાલમ

(બારમાસી)

કારતકનાં કુમકુમ પગલાં તું,
હાર હૈયાનો મારા વાલમ,
માગસરની મીઠી ઠંડી થઈ
સ્પર્શી બનતો પ્યારો વાલમ!
પોષ માસની બર્ફીલી ટાઢે
રજાઈ બની હૂંફ દેતો વાલમ,
આવી અચાનક મહા માસે તું
કોયલ થઈ 'કૂ..ક' કે 'તો વાલમ!
ફાગણ ઉડતા રંગ ગુલાલે
ઘેરૈયો થઈ ઘૂમે વાલમ,
ચૈતરની તું સૂરજ-ગરમી
પ્રેમ-છણકે દઝવે વાલમ!
વૈશાખે જઈ આંબા-ડાળે
શાખ બનીને રીઝવે વાલમ,
જેઠ માસે ગગન-ઘટા તું,
વરસે ના ને ખીજવે વાલમ!
માસ અષાઢે વીજ ચમકારે
પ્રિયા કાજે તરસે વાલમ,



શ્રાવણનાં સરવરિયાં રૂપે
ટપક ટપક તું ટપકે વાલમ!
ભાદરવે તું ભર્યે સરોવર
હંસ બની લલચાવે વાલમ,
રાત રઢિયાળી આસોની તું
નવોઢા-મન ભાવે વાલમ!
હૃદય ગોખનો ચાંદલિયો તું,
ચિતડું લે મુજ ચોરી વાલમ!
શરદપૂનમની રાત શીતળ તું,
ગરબે ઘૂમતી હું ગોરી વાલમ!
પળ પ્રતિદિન માસે મોસમ
વિવિધ રૂપે વિલસે વાલમ,
એક ઘડી ના તુજ વિણ જીવું
તડપું હું તવ વિરહે વાલમ!





૭૫. થોડાં મુક્તકો

સ્વસ્થાને

વ્યોમે ચમકે વીજળી ને વાદળ ગર્જે નીર,
વનમાં ત્રાડે કેસરી ને યુધ્ધે ઝૂઝે વીર,
સ્વસ્થાને સહુ કો શૂરા નિર્બળ બીજે થાય,
ગાગર નીર ના ઘૂઘવે, પીંજર સિંહ પીડાય!
(અખંડ આનંદ)


શ્રધ્ધા

શ્રધ્ધાનું સિંચન થતાં, પાષાણે પણ પ્રભુ વસે,
ચેતનભર્યા મનુજમાં ના શું બેઠો દેવ હશે?

મન મંદિર

કામ ક્રોધ મદ મોહ છે, મન-મંદિરનાં જાળાં,
દૂર થતાં એ શિઘ્ર ત્યાં, પથરાશે અજવાળાં.

વંદુ




ગાંધી દેશે ગોડસે જન્મ્યો
નિંદુ ના ધરણી,
ગોડસે વચ્ચે ગાંધી પાક્યા,
વંદુ એ જનની!



૭૬. કર્મની રેખ!

આ જગતની કેવી રીત,
કોઈને વેર, કોઈને પ્રીત!
કોઈને પૈદલ, કોઈને કાર,
ઈશ્વર-માયા અપરંપાર!
કોઈને સુખ, કોઈને દુઃખ,
પકવાન કોઈને, કોઈને ભૂખ!
કોઈને લક્ષ્મી, કોઈને લાત,
વિધાતાની વિવિધ ભાત!
કોઈને કડવું, કોઈને ગોળ,
કોઈને ફૂલડું, કોઈને થોર.
કોઈને કુટીર, કોઈને મ્હેલ,
મોરાર જાતો જન્મે જેલ!
કોઈને ગાદી, કોઈને કેદ,
કોઈને ખુશી, કોઈને ખેદ;
કોઈને લાખ, કોઈને એક,
ફળતી સૌને કર્મની રેખ!









૭૭. મૃત્યુ માણ્યું છે!

સુખ દુઃખ તેં જે દીધું
તેમાં જીવી જાણ્યું છે,
રોવાના દિવસોમાંય મેં
સતત હસી જાણ્યું છે.
કદી ફરિયાદ મેં કોઈ
તને કરી ના પ્રભુ મારા,
બાકી જીવતાંય જગમાં
મેં તો મૃત્યુ માણ્યું છે!


('ભટ્ટભાસ્કર')






૭૮. ચાર હાઈકુ

(૧)
નૌકા નાની, ના
હાથ હલેસું, જાવું
સાગર પાર!



(૨)
ખળભળતા
સાગર મધ્યે ઊભા
સ્થિર ખડકો!

(૩)
ગગન ચાંદો
જોઈ એને ઉછળે
સાગર ઘેલો!




(૪)
દોડે પવન
ચહે શું પકડવા?
પાગલ પ્રેમી!



૭૯. અગમ તત્વ

સ્વતંત્ર થઈને વ્યોમે વિહરે,
સ્વચ્છંદી પણ બની જતી,
પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ
કદી કદી એ અડી જતી.
બંધન ના કો દીસે એને
ગગન સકલ નિજ ભ્રમણ ભૂમિ,
નદી સરોવર મંદિર મ્હેલો
જોઈ રહુ એ ઘૂમી ઘૂમી.
પતંગ પરવશ તો ય બિચારી,
દોર-ધારણ ધરા વિષે,
અગમ તત્ત્વ કો મનુજ ઉપર
શાસન કરતું એ જ રીતે!

(‘વૈભવ’ ડિસે.-જાન્યુ.’૬૮)





૭૦. જ્યારથી તમે રિસાયાં છો!

મને તારાનાં તેજ ઘટયાં લાગે છે,
ચંદ્ર તો ફિક્કો છે જ,
કિંતુ સૂર્ય પણ ઝાંખો ભાસે છે
જ્યારથી તમે રિસાયાં છો!
બાગે ફૂલો કરમાયાં છે,
કળીઓ બધી છે મુરઝાઈ,
પંખીએ ગીત પણ છોડયાં છે,
બાગે બહાર જાણે કદી ન આવી
જ્યારથી તમે રિસાયાં છે!
હું તો -
મને ભૂલી ગયો છું,
નવી ભાસતી દુનિયામાં
પાગલ શો ઘૂમું છું,
ભર્યાં સરવર તીર
પ્યાસો ઝુરું છું -
જ્યારથી તમે રિસાયાં છો!

(‘બ્રહ્મભટ્ટ યુવક’ ફેબ્રુ. ૧૯૭૩)



૭૧. મને યમુનાને આરે રે...

(ગીત)

મને યમુનાને આરે રે રમવું ગમે,
મોહનની મોરલીના સૂરોની યાદમાં
વૃંદાવનની કૂંજોમાં ભમવું ગમે... મને.

સાગરને કાંઠે રે મને ઘૂમવું ગમે,
પાણીમાં પુલ બાંધ્યો, સ્મરી એ રામને
બજરંગની ભક્તિમાં ઝૂકવું ગમે... મને.

ફૂલ-ફોર્યા બાગમાં મને ફરવું ગમે,
કળીની સંગ રમી પ્રેમરસ પીતા ઓલા
પતંગની જેમ દિલ દેવું ગમે... મને.

મને આકાશી વાદળનાં ગર્જન ગમે,
ધરતી ધવરાવતા મેઘોની જેમ મારું
પરને કાજે બધું ત્યજવું ગમે... મને.

મને ગગન વિહરતાં વિહંગ ગમે,
'મઝા લે આજની, ચિંતા શી કાલની'
એવાં મધુર એનાં ગીતડાં ગમે... મને.



મને નરસિંહની ભક્તિની મસ્તી ગમે,
ત્યાગીને રાગ દ્વેષ મીરાંની જેમ મને
અમૃત જાણી ઝેર પીવાં ગમે... મને.

મને સત્ય અહિંસાનાં વ્રત ગમે,
સ્વદેશ સેવાનો મંત્ર ગ્રહીને મને
ગાંધીની જેમ ગોળી ઝીલવી ગમે... મને.

('ભટ્ટભાસ્કર')





૭૨. શિશુને શ્રેષ્ઠ માનું હું!

નથી સરનામું તારું તો, તને ઢૂંઢૂં કહે ક્યાં હું?
ફર્યો ફોગટ ઘણું વિશ્વે, તને તોયે ન પામ્યો હું.

ગયો મંદિરમાં જોવા, દીઠી મનહર મૂર્તિ ત્યાં,
સમાયો જડ પાષાણે તને પણ કેમ માનું હું?

ભલે હિન્દુ રહ્યો તોય, ગયો મસ્જિદમાં જોવા,
કબ્બર-કફનની નીચે, તને જોઈ શકું શું હું?

ગયો ગીર્જાઘરોમાં યે, મળે ત્યાં ભાળ તારી તો,
પ્રતીક એ ઘાતકી કૃત્ય મહીં તુજને ન ભાળું હું.

કવિ કે'તા હતા જાણ્યા: 'વસ્યો સાગર સરિતામાં',
અરે એ જલ વિષે જોઉં, મુખાકૃતિ જ મારી હું!

હજારો સંતને સેવ્યા, જપ્યો જપ નામના તારા,
થઈ ધ્યાનસ્થ છાતી આંખે બન્યો કંઈવાર અંધ જ હું!

ગયો કાશી મથુરામાં, ધરમધક્કા જ મેં ખાધા,
તિલક તાણ્યાં, કીધા દીવા, છતાં અંધારે રે'તો હું!



ગયો થાકી ખૂટી હિંમત, થયો નિરાશ અંતરમાં,
સર્જાયો હશે શું રે, તું હીણો જ રે'વા હું?

પરંતુ ના, અરે ઓ દેવ! અંતે તો દર્શન તેં,
શિશુના સ્મિતમાં સહસા, ગયો ભાળી જ તુજને હું!

મળું ના સ્થાન કો અન્ય, સકલ બ્રહ્માંડમાં વસવા,
અબુધ એ બાલમાં ભાવ્યું શું તેં તે વિચારું હું!

અરે કિંતુ હવે શાને, વિચારો વ્યર્થ એ કરવા?
સહર્ષે તું સમાયો તો, શિશુને શ્રેષ્ઠ માનું હું!

('સંસ્કાર', ફેબ્રુઆરી-૬૫)





૭૩. 'રંગ' ગયો!

(નારેશ્વરવાસી પૂજ્ય રંગ અવધૂતના નિધન પ્રસંગે)

'રંગ' ગયો દિગંબર, સંસારનો છોડી સંગ ગયો,
કરમાયાં કુસુમોમાં પુરી જીવનની સુગંધ ગયો!
રંગ ગયો.

નિવાસ નારેશ્વર નિત જ્યાં વહેતાં રેવામૃત વારિ,
જ્ઞાનગંગા વહાવીને સંત અમરતાને પંથ ગયો!
રંગ ગયો.

'ગુરુલીલામૃત','સંજય ગીતા','દત્તબાવની' ગૂંજે જ્ઞાન,
'હરિદ્વાર' માં અવધૂત જુઓ, એને અનોખે ઢંગ ગયો!
રંગ ગયો.

દત્ત ઉપાસક શ્વાસો શ્વાસો નામ સ્મરંતો એનું,
'રંગ' ગયો તોય રહ્યો છે, હૃદયનો રંગ ગયો.
રંગ ગયો.

(લોકમિત્ર-૨૨-૧-૬૮)



૭૪. ચંદ્ર વિજય

ધન્ય બની ધરા આજે,
ચાંદ પર માનવ ગયો,
યુગ-સેવ્યાં સ્વપ્ન કાજે
મોત મુઠ્ઠી લઈ ઊઠચો!
ઈતિહાસનું સર્જન અનોરું,
આજ ઊગ્યું પ્રભાત સુનહરું,
અવનિ છોડી અંબર વીંધી,
બન્યો માનવ ચંદ્ર ભેરુ!
દેવ હર્ષ્યા હશે નિશ્ચે
સાહસ માનવનું નીરખી,
અમર આર્મસ્ટ્રોંગ રહેશે
અંતર જ્યોત અખંડ બની.
ચંદ્ર હે, માનવને સત્કારજે તું પ્રેમથી,
યુગોથી છે ચાહ્યો તને, તું ચાહજે બે ઘડી!

(માનવીના પ્રથમ ચંદ્ર ઉતરાણ પ્રસંગે : 'બ્રહ્મભટ્ટ મિત્ર'-સપ્ટે.૬૯')



૭૫. નૂતન વર્ષે અભિનંદન

(રક્ત ટપકતી સો સો ઝોળી - એ રાગ)

અમાસનાં અંધારાં વિત્યાં, ઝગે સૂરજ, ક્ષિતિજે,
સહસ્ર રશ્મિ વેરંતો જગ-તિમિરને એ ભેદે,
લાખ લાખ હો, વંદન,
નૂતન વર્ષે અભિનંદન.
દીપોત્સવીના દીપક પ્રગટ્યા, જગ અજવાળ્યું આજે
અંધારું કાં હજી દીસે છે મનુજ-હૃદય-મંદિરે?
પ્રગટો સ્નેહ-દીપ સૌ મન
નૂતન વર્ષે અભિનંદન.
નાના મનની મોટી પાળો તોડો શુભ અવસર આ,
'જય જગત' ના નાદો વચ્ચે નભશે એ દીવાલો ના,
છે વસુધૈવ કુટુંબકમ્
નૂતન વર્ષે અભિનંદન.
'મારું તો સૌનું માનું હું, સૌના સુખે સુખી',
વિચારશે સૌ માનવ જો આવું કોઈ હશે ના દુઃખી,
હો રાગ દ્વેષ શમન,
નૂતન વર્ષે અભિનંદન.

ઓક્ટો. ૧૯૬૮ (ભટ્ટભાસ્કર-દીપોત્સવી અંક)



૭૬. वादा निभाओ गोपाल आज

धर्मका क्षय और जय हो रहा है पापका,
अभी पुरा नहीं हुआ वादा कृष्ण क्या आपका?

मानव रक्त के लिये मानव प्यासा आज यहाँ,
अैसे समय हे प्रभु, आप बैठे हैं कहाँ?

वादा निभाओ गोपाल आज, बचा लो मानव जातको,
अगर हुआ अब युध्ध तो कलंक लगेगा आपको ।

कहो कब आते हो कान, राधे संग खेलनको,
वृंदावन गौ चरानेको, सुख शांति बरसाने को?

(भट्टभास्कर-सप्टे. ६१)

હાઈકુ

(૧)
અંધારે તુજ
પડછાયો ના સાથી,
આશ અન્યની?

(૨)
નયન મળ્યાં,
અંતર ઘોડાપુર,
અદ્વૈત બન્યાં!



૭૭. નિત તને મળું!

ખીલતું દેખું પુષ્પ હું જ્યારે યાદ મને આવે તારી,
તારાં દર્શન પામું હું પ્રભુ હસતું બાલ નિહાળી.
અમૃત સિંચતી માતા બાલને તારી યાદ અપાવે,
તારું સ્મરણ થાતું જ્યારે મેઘ સુધા વરસાવે.
'કૂઉ' તણા કલરવમાં તુજને સંતાયેલો ભાળું,
ભોળા શ્રમિત દિન પ્રેમલ કિસાને તારી છાપ નિહાળું.
નયન નચવતી ગ્રામીણ ગોરીને મુખડે તારી છાયા,
ધાન્યના ઢગલા ધરણી ખડકે પ્રભુ, તારી એ માયા.
શ્રમિત થઈને સંધ્યા ટાણે સૂરજરૂપે સૂવા તુ જાતો,
સુધા વરસાવી ચંદ્ર રૂપે ત્યાં પૂર્વાકાશે ઉદય થાતો.
ટમકંતા તારાના તેજે રજની-તમ દૂર હાંકી કાઢે,
ગરજંતા સાગર સ્વરૂપે ભવ્યતાનું ભાન કરાવે.
પ્હાડ તણા પથ્થરમાં પ્રભુ તું દેવ થઈ વિરાજે,
ઝરઝર સંગીત ઝરતા ઝરણે પ્રેમે પ્યાસ છિપાવે.
વિરાટ વામન સહુમાં વ્યાપ્યો વિશ્વ અણુ પરમાણુમાં,
અગમ અગોચર અનંત અનાદિ, તોયે પ્રભુ તુજ નામ ઘણાં.
નજર જેને બધે નિહાળે ભિન્ન ભિન્ન સ્વરૂપે તુજને,
છતી આંખે અંધ થતા જન ઢૂંઢે તારા દિવ્ય સ્વરૂપને.
દિવ્ય સહુ ત્યાં તુજને દેખું, તું જ્યાં તેને દિવ્ય ગણું,
કાશી મથુરાં વૃંદાવન ના ગયો, છતાં નિત નિત તને મળું!
('જનકલ્યાણ')



૭૮. આપતાં આપી દીધું!

જગત છે સુખનો સાગર જીવવું જો જાણીએ,
પગલે પગલે કંટક તો યે આનંદ અંતર માનીએ.

કૃષ્ણ ઘેલી મીરાંએ સ્વયમ્ ઝેર પીતાં એમ કીધું,
'મારું ભોળું ઋજુ હૃદયમેં આપતાં આપી દીધું.

લાઠી ગામે કવિજન થયો એક નામે 'કલાપી',
રાજા વસતો મહેલ મધે પીડ શાને જરાપિ?

કિંતુ દાસીપ્રેમે પડીને દુઃખ એણે વહોરી લીધું,
એણે ભોળું ઋજુ હૃદય ત્યાં આપતાં આપી દીધું!

પ્રણયીજનને આ સંસારે સુખ ક્યારે મળ્યું છે?
'પરણ્યાં તેને પ્રેમી ગણવાં' એવું કોણે કહ્યું છે?

પત્ની પ્રિયા વચ્ચે ઝૂરતા ગોહિલે ગાયું સીધું :
'મારું ભોળું ઋજુ હૃદય મેં દાનમાં આપી દીધું.!?'

ષોડશી એવી ગ્રામ કન્યાએ કામણ કીધું?
રાજાએ પણ ઋજુ હૃદય જ્યાં આપતાં આપી દીધું.

વિરહ યુવાન કવિએ જીવન ટૂંકું કીધું,
બીજું કરે શું જેણે હૃદય આપતાં આપી દીધું?



૭૯. ... ને ઢળતા તમારા જામ છે!

(ગઝલ)

હૈયે મારે હરઘડી પળ કેવળ તારો મુકામ છે,
અવરના સહવાસની મારે ગરજ શું કામ છે?

શ્રધ્ધા વિનાના ધર્મના ખોટા બધા વિખવાદ છે,
મંદિરમાં રહીમ મારા ને મસ્જિદમાં રામ છે!

ઉપર નીચે આજુબાજુ નજર પડે ત્યાં કોઈક છે,
વ્યવહાર ચલાવે વિશ્વનો છતાં એ બેનામ છે!

જન્મથી જરા સુધી સફર ના લાંબી કે ટૂંકી,
ખેલ પતાવી નટ અહીંથી જાય બીજે ગામ છે!

ખુરશી પર બેઠા છે તો સેવા સ્વપ્નેય કરતા નથી,
સ્વીસ બેન્કમાં સત્તાંધોના બેહદ બેનામી દામ છે!

યાદ રહે જાલીમો અંજામ બુરો આવશે,
ગરીબોની હા...ય પર નામ કે ના ઠામ છે!

પીધા વિના ય નશો તમને શીદ ચઢ્યો છે આટલો?
ભડકે બળે જઠરાગ્નિ ને ઢળતા તમારા જામ છે!



૮૦. મહેફિલ મંડાણી

(ગીત)


તમે આવ્યાં ને મહેફિલ મંડાણી
હો...઼ ઓ તમે આવ્યાં ને મહેફિલ મંડાણી.
વનવનના વાયરા વાતું લાવ્યા કે
કાયા કાનનની સાવ કોરી,
અષાઢ માસે પ્રથમ દિવસે
વર્ષાએ આવી ઝકઝોળી,
છાંટયુ પાંદડે-પાંદડે પાણી - હો તમે.
સાગર ગરજીને સાદે છે કોને?
એને હૈયે છે વેદના વિરહની,
પરવત ઊંચાં મોજાં ઉછાળે,
એ ઝંખે છે ઘડી મિલનની,
એની પીડા ના કોઈએ પિછાણી - હો તમે.
વિરહ મિલનના વારા ફેરામાં
પડઘે સંતોની જ્ઞાન-વાણી,
ભર ઉનાળે ગગન ગોરંભાય,
વરસે મૂશળધાર પાણી!
કોણે રમત કુદરતની જાણી? હો તમે.



૮૧. છે આનંદ બારે માસ



નીડર નેતાગીરી ગુજરાતની,
 સ્વાર્થ ના ડર કે લોભ,
દીર્ઘદૃષ્ટિએ નિર્ણય લેવાતા,
 ગતિ અવિરત, ના થોભ.
નરસિંહની આ ભૂમિ ન્યારી,
 ગાયે વૈષ્ણવજનનાં ગીત,
દ્વારિકામાં કૃષ્ણ બિરાજે,
 ભવોભવની છે પ્રીત!
ગાંધી સરદાર સપૂત માતાના,
 અમર ઈતિહાસે નામ;
દલપત નર્મદ સુંદરમ્ સાક્ષર,
 ગિરનારે સિંહની છે શાન.
મહીં સાબર નર્મદા વારિ
 ખેતર સિંચે છે નીર,
મબલખ પાકે આબાદ ખેડૂ છે,
 પ્રગટયું છે ધરાનું હીર.
કૃષિ વિજ્ઞાન કેળવણીને
 વેપારે પણ વિકાસ,
ગૌરવથી જીવતા ગજરાતી સૌ
 છે આનંદ બારેમાસ.



લેખકનો પરિચય



નામ :- ચંદ્રકાન્ત હરગોવિંદદાસ રાવ.
(M.A., M.Ed.)

જન્મ :- ૨-૨-૧૯૩૦

વતન :- અછાલિયા (જિ.ભરૂચ)

કર્મભૂમિ :- વડોદરા (૧૯૪૦ થી...)

અભ્યાસ :- એમ.એસ.યુનિવર્સિટી, વડોદરામાંથી બી.એ. (ઓનર્સ), બી.એ., એમ.એ. અને એમ.એડ્. જેવી ડિગ્રીઓ મેળવી. બી.એ. માં આર.બી.જી.એચ. કાંટાવાલા પ્રાઈઝ અને એ.કે.ત્રિવેદી પ્રાઈઝ મેળવ્યાં. કોલેજ કાળથી જ લેખન વાચનનો શોખ. એમ.એ.ના અભ્યાસ દરમિયાન **F.S.R.** કાઉન્સીલમાં ચૂંટાયા.

- ૧૯૫૩ થી ૧૯૫૫ આચાર્ય : શ્રી નવદુર્ગા હાઈસ્કૂલ, ઉમલ્લા.
- ૧૯૫૬ થી ૧૯૮૮ શ્રી નારાયણ હાઈસ્કુલ વડોદરામાં અધ્યાપન કાર્ય.
- વડોદરા શહેર માધ્યમિક શિક્ષક સંઘમાં ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે ચૂંટાયા.
- મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા જેવી આંતરરાષ્ટ્રીયખ્યાત યુનિવર્સિટીની સેનેટમાં બે વાર રસાકસીભરી ચૂંટણીમાં સેનેટર તરીકે ચૂંટાયા. 'ગુજરાતસમાચાર'માં 'દીવાદાંડી' અને 'સાંસારિકા' નામક સાપ્તાહિક કોલમના પૂર્વ કટારલેખક.

- ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, અમદાવાદમાં ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા.
- વડોદરા શહેર વાલી મંડળના પૂર્વમંત્રી અને ઉપપ્રમુખ.
- ગુજરાતની જાણીતી સાહિત્યિક સંસ્થા 'પ્રેમાનંદ સાહિત્ય સભા' વડોદરાના વર્તમાન પ્રમુખ અને ટ્રસ્ટી.
- ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર)ની સામાન્ય સભાના પ્રતિનિધિ (૨૦૦૩ થી...)
- ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ)ની મધ્યસ્થ સમિતિના સભ્ય (૨૦૦૫ થી...)
- 'પ્રેમદીવાની' થી 'કુમ કુમ પગલે' જેવી છ સામાજિક નવલકથાઓ અને ચાર નવલિકા સંગ્રહો ('સ્નેહદીપ' – 'ઘર ભણી' અને 'આંબાની ડાળે')ના લેખક તથા 'છબછબિયાં' અને 'ચાંદામામા પોળી' જેવા બાલકાવ્ય સંગ્રહોના કવિ. 'ગૌરી મારા ગામની' (કાવ્ય સંગ્રહ)ના કવિ.
- બે નવલકથાઓ ધારાવાહિક રૂપે પણ પ્રગટ થઈ છે.
- 'આકાશવાણી' પરથી વાર્તાઓ, કાવ્યો, નાટકો, ચિંતનલેખો વગેરે પ્રસારિત થયાં છે અને થાય છે. ટી.વી. પરથી નાટકો ટેલીકાસ્ટ થયાં છે.
- Reference India, Twentyeth century Distinguished who is who અને Indo Arab who is who જેવાં પાંચેક આંતરાષ્ટ્રીય ગ્રંથોમાં શ્રી ચંદ્રકાન્તભાઈનો પરિચય દુનિયાના લબ્ધપ્રતિષ્ઠિત મહાનુભાવો સાથે પ્રગટ થયો છે.
- 'બ્રહ્મભટ્ટ મિત્ર મંડળ' વડોદરાના પૂર્વ મંત્રી અને 'વડોદરા બ્રહ્મભટ્ટ સમાજ'ના સ્થાપક પ્રમુખ.
- કારેલી બાગ, વડોદરામાં છાત્રાલય અને બે કોમ્યુનીટી હોલ સાથે વિશાળ કેમ્પસ ધરાવતી શૈક્ષણિક સંસ્થા શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંજળના પૂર્વ મંત્રી, ઉપપ્રમુખ, પ્રમુખ અને ટ્રસ્ટી.
- 'ભટ્ટ ભાસ્કર' (માસિક)ના તંત્રી લગભગ ૩૨ વર્ષની તંત્રી તરીકેની સેવા.
- શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળે સન્માન કરી રૂા. એક લાખની ઘેલી શ્રી ચંદ્રકાન્તભાઈને અર્પણ કરી હતી, જેમાં રૂા. પાંચ હજાર ઉમેરી તેમણે સંસ્થાને પરત કરી હતી.
- તેમના ધર્મપત્ની સૌ. કલાબેન જાણીતા લેખક પત્રકાર સ્વ. શ્રી પ્રહલાદભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ)નાં પુત્રી છે. અને 'બ્રહ્મભટ્ટ ભગિની મંડળ', વડોદરાનાં પૂર્વપ્રમુખ છે.
- 'દૂરદર્શન'(અમદાવાદ) પરથી શ્રી ચંદ્રકાન્તભાઈની દીર્ઘ સાહિત્યિક સફર એમની મુલાકાતરૂપે ટેલીકાસ્ટ થઈ છે.